AMRIT-BINDU

(GUJRATI)

VISIT…

LANZAROTE Caliente.com

॥ શ્રીહરિઃ ॥

અમૃત-બિંદુ

અવિનાશી સુખ

પોતાને માટે સુખ ઈચ્છવાથી નાશવંત સુખ મળે છે. અને બીજાઓને સુખ પહોંચાડવાથી અવિનાશી સુખ મળે છે.

x x x

નાશવંત સુખનો સર્વથા ત્યાગ કરવાથી અવિનાશી સુખની પ્રાપ્તિ થઈ જાય છે.

x x x


સુખ ભોગવવાને માટે સ્વર્ગ અને દુઃખ ભોગવવાને માટે નરક છે અને સુખદુઃખ બન્નેથી ઉપર ઊઠીને મહાન આનંદ પ્રાપ્ત રવાને માટે આ મનુષ્યલોક છે.

x x x

સંસારના સંબંધ-વિચ્છેદથી જે સુખ મળે છે, તે સંસારના સંબંધથી કદી મળી શકતું જ નથી.

x x x

જ્યાં સુધી નાશવંતનું સુખ લેતા રહેશો ત્યાં સુધી અવિનાશી સુખની પ્રાપ્તિ થશે નહીં.



અભિમાન

સારાપણાંનું અભિમાન બૂરાઈની જડ છે.

x x x

સ્વાર્થ અને અભિમાનનો ત્યાગ કરવાથી સાધુતા આવે છે.

x x x

પોતાની બુદ્ધિનું અભિમાન જ શાસ્ત્રોની, સંતોની વાતોને અંતઃકરણમાં ટકવા દેતું નથી.

x x x

વર્ણ, આશ્રમ વગેરેની જે વિશેષતા છે, તે બીજાઓની સેવા કરવાને માટે છે, અભિમાન કરવાને માટે નથી.

x x x

તમે તમારા સારાપણાનું જેટલું અભિમાન કરશો, તેટલી જ બૂરાઈ પેદા થશે. તે માટે સારા બનો પણ સારાપણાનું અભિમાન નહીં કરો.

x x x

જ્ઞાન મુક્ત કરે છે. પણ જ્ઞાનનું અભિમાન નરકોમાં લઈ જાય છે.

x x x

સાંસારિક વસ્તુ મળવાથી તો અભિમાન આવી શકે છે, પણ ભગવાન મળવાથી અભિમાન આવી શકતું જ નથી, પણ અભિમાનનો સર્વથા નાશ થઈ જાય છે.

x x x


સ્વાર્થ અને અભિમાનનો ત્યાગ કર્યા વિના મનુષ્ય શ્રેષ્ઠ બની શકતો નથી.

x x x

જ્યાં જાતિનું અભિમાન હોય છે, ત્યાં ભક્તિ થવી ઘણી કઠણ છે; કારણ કે ભક્તિ સ્વયંથી થાય છે, શરીરથી નહીં. પરંતુ જાતિ શરીરની હોય છે, સ્વયંની નહીં.

x x x

જ્યાં સુધી સ્વાર્થ અને અભિમાન છે, ત્યાં સુધી કોઈની પણ સાથે પ્રેમ થઈ શકતો નથી.



ઉદ્દેશ્ય

જેને માટે મનુષ્ય-જન્મ મળ્યો છે, તે પરમાત્મા-પ્રાપ્તિનો જ ઉદ્દેશ્ય થઈ જવાથી મનુષ્યને સાંસારિક સિદ્ધિ-અસિદ્ધિ તકલીફ આપી શકતી નથી.

x x x

જેમ રોગીનો ઉદ્દેશ નિરોગી થવાનો છે, તે રીતે જ મનુષ્યનો ઉદ્દેશ પોતાનું કલ્યાણ કરવાનો છે. સાંસારિક સિદ્ધિ-અસિદ્ધિને મહત્ત્વ નહીં આપવાથી અર્થાત્ તેમાં સમ રહેવાથી ઉદ્દેશ્યની સિદ્ધિ થાય છે.

x x x

જ્યારે સાધકનો એકમાત્ર ઉદ્દેશ્ય પરમાત્મા-પ્રાપ્તિનો થઈ જાય છે, ત્યારે તેની પાસે જે પણ સામગ્રી (વસ્તુ,પરિસ્થિતિ વગેરે) હોય છે, તે બધી સાધનરૂપ (સાધન-સામગ્રી) થઈ જાય છે.

x x x

એક પરમાત્મા-પ્રાપ્તિનો દૃઢ ઉદ્દેશ્ય હોવાથી અંતઃકરણની જેટલી જલદી અને જેવી શુદ્ધિ થાય છે, તેટલી જલદી અને તેવી શુદ્ધિ અન્ય કોઈ અનુષ્ઠાનથી થતી નથી.

x x x


ઈન્દ્રિયો દ્વારા ભોગ તો પશુ પણ ભોગવે છે, પણ તે ભોગોને ભોગવવા એ મનુષ્ય-જીવનનો ઉદ્દેશ નથી. મનુષ્ય-જીવનનો ઉદ્દેશ તો સુખદુઃખથી રહિત તત્ત્વને પ્રાપ્ત કરવાનો છે.

x x x

કર્મયોગ, જ્ઞાનયોગ, ધ્યાનયોગ, ભક્તિયોગ વગેરે તમામ સાધનોમાં એક જ નિશ્ચય યા ઉદ્દેશ્યની ખાસ જરૂરિયાત છે. જો પોતાના કલ્યાણનો ઉદ્દેશ્ય જ દૃઢ નહીં હોય તો સાધનથી સિદ્ધિ કેવી રીતે મળશે ?

x x x

એક પરમાત્મા-પ્રાપ્તિનો ઉદ્દેશ્ય હોવાથી કોઈ પણ સાધન નાનું-મોટું હોતું નથી.



ઉન્નતિ

જે વસ્તુ, પરિસ્થિતિ વગેરે હાલમાં નથી, તેને પ્રાપ્ત કરવામાં પોતાની, સફળતા યા ચતુરાઈ માનવી મહાન ભૂલ છે. જે વસ્તુ હાલમાં નથી અને તે મળ્યા પછી પણ હમેશાં રહેશે નહીં- આ નિયમ છે. અને જે હંમેશાં રહેશે, એવી વસ્તુ (પરમાત્મતત્ત્વ)ને પ્રાપ્ત કરવામાં જ વાસ્તવિક, સફળતા યા ચતુરાઈ છે.

x x x

પારમાર્થિક ઉન્નતિ કરવાવાળાની બૌધિક ઉન્નતિ આપોઆપ થાય છે.

x x x

વિચાર કરો– આપણે આપણી જાણકારીનો જાતે જ અનાદર કરીશું તો પછી આપણી ઉન્નતિ કેવી રીતે થશે ?

x x x


વાસ્તવિક ઉન્નતિ છે– સ્વભાવ શુદ્ધ થવો.

x x x

સાંસારિક ઉન્નતિ વર્તમાન વસ્તુ નથી અને પારમાર્થિક ઉન્નતિ ભવિષ્યની વસ્તુ નથી.

x x x

જે આરામ ચાહે છે, તે પોતાની વાસ્તવિક ઉન્નતિ કરી શકતો નથી.



એકાંત

શરીર-ઈન્દ્રિયો-મન-બુદ્ધિ સાથે આપણો સંબંધ ન રાખવો તે જ સાચું એકાંત છે.

x x x

શરીરથી સંબંધ-વિચ્છેદ થવો અર્થાત્ તેમાં અહંતા-મમતા ન રહેવી તે જ વાસ્તવિક એકાંત છે.



કર્તવ્ય

મનુષ્ય પ્રત્યેક પરિસ્થિતિમાં પોતાના કર્તવ્યનું પાલન કરી શકે છે. કર્તવ્યનું યથાર્થ સ્વરૂપ છે– સેવા. અર્થાત્ સંસારથી મળેલાં શરીર વગેરે પદાર્થોને સંસારના હિતમાં લગાડવાં.

x x x

પોતાનાં કર્તવ્યનું પાલન કરવાવાળા મનુષ્યના ચિત્તમાં સ્વાભાવિક પ્રસન્નતા રહે છે. આનાથી વિપરીત પોતાના કર્તવ્યનું પાલન ન કરવામાં મનુષ્યના ચિત્તમાં સ્વાભાવિક ખિન્નતા રહે છે.

x x x

સાધક આસક્તિરહિત ત્યારે થઈ શકે છે, જ્યારે તે શરીર-ઈન્દ્રિયો-મન-બુદ્ધિને 'મારા' અથવા 'મારા માટે' નહીં માનીને, માત્ર સંસારના અને સંસારને માટે જ માનીને સંસારના હિતને માટે તત્પરતાપૂર્વક કર્તવ્ય-કર્મનું આચરણ કરવામાં લાગી જાય.

x x x

હાલના સમયમાં ઘરોમાં , સમાજમાં, જે અશાંતિ, કલહ, સંઘર્ષ જોવામાં આવી રહ્યો છે, તેનું મૂળ કારણ એ છે કે લોકો પોતાના અધિકારની તો માંગણી કરે છે, પણ પોતાનાં કર્તવ્યનું પાલન કરતા નથી.

x x x

કોઇ પણ કર્તવ્ય-કર્મ નાનું કે મોટું હોતું નથી. નાનામાં નાનું અને મોટામાં મોટું કર્મ કર્તવ્યમાત્ર સમજીને (સેવાભાવથી) કરવાથી સરખું જ છે.

x x x

જેનાથી બીજાંઓનું હિત થાય છે, તે જ કર્તવ્ય હોય છે. જેનાથી કોઈનું પણ અહિત થાય છે, તે અકર્તવ્ય હોય છે.

x x x

રાગ-દ્વેષને કારણે જ મનુષ્યને કર્તવ્ય-પાલનમાં પરિશ્રમ યા કઠણાઇ પ્રતીત થાય છે.

x x x

જે કરવું જોઈએ અને જે કરી શકાય છે તેનું નામ 'કર્તવ્ય' છે. કર્તવ્યનું પાલન ન કરવું પ્રમાદ છે, પ્રમાદ તમોગુણ છે અને તમોગુણ નરક છે.–'**નરકસ્તમઉન્નાહો**' (શ્રીમદ્ભાગવત્ ૧૧ / ૧૯/ ૪૩).

x x x

પોતાના સુખને માટે કરેલું કર્મ 'અસત્' અને બીજાંઓના હિતને માટે કરેલું કર્મ 'સત્' હોય છે. અસત્ કર્મનું પરિણામ જન્મ-મરણની પ્રાપ્તિ અને સત્-કર્મનું પરિણામ પરમાત્માની પ્રાપ્તિ છે.

x x x

સારામાં સારું કાર્ય કરો, પણ સંસારને સ્થાયી માનીને નહીં કરો.

x x x


જે નિષ્કામ હોય છે તે તત્પરતાપૂર્વક પોતાના કર્તવ્યનું પાલન કરી શકે છે.

x x x

બીજાંઓ તરફ જોવાવાળા ક્યારેય પણ કર્તવ્યનિષ્ઠ થઈ શકતા નથી, કારણ કે બીજાઓનું કર્તવ્ય જોવું એ જ અકર્તવ્ય છે.

x x x

ગૃહસ્થ હોય અથવા સાધુ હોય, જે પોતાના કર્તવ્યનું પાલન બરાબર કરે છે, તે શ્રેષ્ઠ છે.



કલ્યાણ

મારું કાંઈ નથી, મારે કાંઈ જોઈએ નહીં અને મારે માટે કાંઈ કરવાનું નથી– આ ત્રણ વાતો ઝડપી ઉદ્ધાર કરવાવાળી છે.

x x x

ભગવાનનો સંકલ્પ આપણા કલ્યાણને માટે છે. જો આપણે આપણો કોઈ સંકલ્પ ન રાખીએ તો ભગવાનના સંકલ્પ અનુસાર આપોઆપ આપણું કલ્યાણ થઈ જશે.

x x x

સંસારની એવી કોઈ પણ પરિસ્થિતિ નથી, જેમાં મનુષ્યનું કલ્યાણ ન થઈ શકે. કારણ કે પરમાત્મા પ્રત્યેક પરિસ્થિતિમાં સમાનરૂપે હાજર છે.

x x x

કલ્યાણની પ્રાપ્તિ ઘણી સરળ છે, પણ કલ્યાણની ઈચ્છા જ ન હોય તો તે સરળતા શું કામની ?

x x x

સંસારનું કામ તો કોઈ પણ કરી લેશે, પણ પોતાનાં કલ્યાણનું કામ તો પોતે જ કરવું પડશે, જેમ કે– ભોજન અને દવા આંપણે જાતે જ લેવા પડે છે.

x x x

પોતાના કલ્યાણ માટે કોઈ નવી પરિસ્થિતિની જરૂર નથી. પ્રાપ્ત પરિસ્થિતિના સદુપયોગથી જ કલ્યાણ થઈ શકે છે.

x x x

કલ્યાણ ક્રિયાથી થતું નથી, બલકે ભાવ અને વિવેકથી થાય છે.

x x x


ઘરમાં રહેવાવાળા બધાં લોકો પોતાને સેવક અને બીજાંઓને સેવ્ય સમજે તો બધાંની સેવા થઈ જશે, અને બધાંનું કલ્યાણ થઈ જશે.

x x x

ભોગોની પ્રિયતા જન્મ-મરણ દેવાવાળી અને ભગવાનની પ્રિયતા કલ્યાણ કરવાવાળી છે.

x x x

પોતાનું કલ્યાણ ચાહવાવાળા સાચા હૃદયથી પ્રાર્થના કરે તો ભગવાનના દરબારમાં તેમની સુનાવણી જલદી થાય છે.



કામના

જ્યાં સુધી સાધકનામાં પોતાનાં સુખ, આરામ, માન, મોટાઈ વગેરેની કામના છે, ત્યાં સુધી તેનું વ્યક્તિત્વ ઓગળતું નથી અને વ્યક્તિત્વ નષ્ટ થયા વિના તત્ત્વથી અભિન્નતા થતી નથી.

x x x

જ્યારે આપણા અંતઃકરણમાં કોઈ પ્રકારની કામના નહીં રહેશે, ત્યારે જ આપણે ભગવત્-પ્રાપ્તિની ઈચ્છા પણ કરવી નહીં પડે, બલ્કે ભગવાન સ્વયં પ્રાપ્ત થઈ જશે.

x x x

સંસારની કામનાથી પશુતાનો અને ભગવાનની કામનાથી મનુષ્યતાનો આરંભ થાય છે.

x x x

'મારા મનનું થઈ જાય' આને કામના કહે છે, આ કામના જ દુઃખનું કારણ છે. આનો ત્યાગ કર્યા વિના કોઈ સુખી નહીં થઈ શકે.

x x x

મને સુખ કેમ કરીને મળે– માત્ર આ ચાહનાને કારણે મનુષ્ય કર્તવ્યરહિત અને પતિત થઈ જાય છે.

x x x

કામના ઉત્પન્ન થતાં જ મનુષ્ય પોતાનાં કર્તવ્યથી , પોતાનાં સ્વરૂપથી અને પોતાના ઈષ્ટ (ભગવાન)થી વિમુખ થઈ જાયં છે અને નાશવંત સંસારની સન્મુખ થઈ જાય છે.

x x x

સાંસારિક ઈચ્છા ઉત્પન્ન થતાં જ પારમાર્થિક માર્ગમાં ધુમાડો થઈ જાય છે. જો આ અવસ્થામાં સાવધાન ન રહો તો ઈચ્છા ઘણી વધારે થઈ જાય છે. ઈચ્છા વધી જવાથી તો પારમાર્થિક માર્ગમાં અંધારું જ થઈ જાય છે.

x x x

સાધકે ન તો લૌકિક ઈચ્છાઓની પૂર્તિની આશા રાખવી જોઈએ અને ન તો પારમાર્થિક ઈચ્છાની પૂર્તિથી નિરાશ થવું જોઈએ.

x x x

કામનાઓના ત્યાગમાં સૌ સ્વતંત્ર, અધિકારી, યોગ્ય અને સમર્થ છે. પરંતુ કામનાઓની પૂર્તિમાં કોઈ પણ સ્વતંત્ર, અધિકારી, યોગ્ય અને સમર્થ નથી.

x x x

જેમ જેમ કામનાઓ નષ્ટ થાય છે, તેમ તેમ સાધુતા આવે છે અને જેમ જેમ કામનાઓ વધે છે, તેમ તેમ સાધુતા લુપ્ત થાય છે. કારણ કે અસાધુતાનું મૂળ કારણ કામના જ છે.

x x x

કામના માત્રથી કોઈ પણ પદાર્થ મળતો નથી, અગર મળે તોપણ તે સદા સાથે રહેતો નથી-આવી વાત પ્રત્યક્ષ હોવા છતાં પણ પદાર્થોની કામના રાખવી એ પ્રમાદ જ છે.

x x x

જીવન ત્યારે કષ્ટમય થાય છે, જ્યારે સંયોગજન્ય સુખની ઇચ્છા કરીએ છીએ અને મૃત્યુ ત્યારે કષ્ટમય હોય છે, જ્યારે જીવવાની ઇચ્છા કરીએ છીએ.

x x x

જો વસ્તુની ઇચ્છા પૂરી થતી હોય તો તેને પૂરી કરવાનો પ્રયત્ન કરીએ અને જો જીવવાની ઈચ્છા પૂરી થતી હોય તો મૃત્યુથી બચવાનો પ્રયત્ન કરીએ. પરંતુ ઈચ્છાનુસાર નથી બધી વસ્તુ મળતી અને નથી મૃત્યુથી બચાવ થઈ શકતો.

x x x

ઈચ્છાનો ત્યાગ કરવામાં સૌ સ્વતંત્ર છે, કોઈ પરાધીન નથી અને ઈચ્છાની પૂર્તિ કરવામાં સૌ પરાધીન છે, કોઈ સ્વતંત્ર નથી.

x x x

સુખની ઇચ્છા, આશા અને ભોગ— આ ત્રણે તમામ દુઃખોનું કારણ છે.

x x x

નાશવંતની ચાહના છોડવાથી અવિનાશી તત્ત્વની પ્રાપ્તિ થાય છે.

x x x

આવું થવું જોઈએ , આવું નહીં થવું જોઈએ - આમાં જ બધાં દુઃખ ભરેલાં છે.

x x x

મનમાં કોઈ વસ્તુની ચાહ રાખવી એ જ દરિદ્રતા છે.

x x x

અમારું સન્માન થાય એ ચાહનાએ જ આપણું અપમાન કર્યું છે.

x x x

સંસાર પાસેથી કાંઈ પણ ચાહશો તો દુઃખ જ મળશે.

x x x

લેવાની ઇચ્છાવાળો સદા દરિદ્ર જ રહે છે.

x x x

નાશવંતની ઈચ્છા જ અંતઃકરણની અશુદ્ધિ છે.

x x x

મનુષ્યએ કર્મનો ત્યાગ નથી કરવાનો, બલ્કે કામનાનો ત્યાગ કરવાનો છે.

x x x

મનુષ્યને વસ્તુ ગુલામ બનાવતી નથી, તેની ઇચ્છા ગુલામ બનાવે છે.

x x x

જો શાંતિ ચાહતા હો તો કામનાનો ત્યાગ કરો.

x x x

કાંઈ પણ લેવાની ઇચ્છા ભયંકર દુઃખ દેનારી છે.

x x x

જેની ભીતર ઇચ્છા છે, તેને કોઈને કોઈથી પરાધીન થવું જ પડશે.

x x x

પોતાને માટે સુખ ચાહવું આસુરી, રાક્ષસી વૃત્તિ છે.

x x x

જેવી રીતે ચાહના વિના સાંસારિક દુઃખ મળે છે, તેવી રીતે ચાહના વિના સુખ પણ મળે છે. તેથી સાધકે સાંસારિક સુખની ઈચ્છા કદી કરવી નહીં.

x x x

ભોગ અને સંગ્રહની ઈચ્છા પાપ કરવા સિવાય બીજા કોઈ કામમાં આવતી નથી. તેથી ઈચ્છાનો ત્યાગ કરી દેવો જોઈએ.

x x x

પોતાને માટે ભોગ અને સંગ્રહની ઈચ્છા કરવાથી મનુષ્ય પશુઓથી પણ નીચે પડી જાય છે. તથા તેની ઈચ્છાઓનો ત્યાગ કરવાથી દેવતાઓથી પણ ઊંચે ઊઠી જાય છે.

x x x

કામનાઓને પૂરી કરવામાં તો સૌ પરાધીન છે, પણ કામનાને છોડવામાં સૌ બધી રીતે સ્વાધીન છે.

x x x

જે વસ્તુ આપણી છે, તે આપણને મળશે જ. તેને બીજું કોઈ લઈ શકે નહીં. તેથી કામના નહીં કરીને પોતાના કર્તવ્યનું પાલન કરવું જોઈએ.

x x x

જેવું હું ચાહું , તેવું થઈજાય– આ ઈચ્છા જ્યાં સુધી રહેશે, ત્યાં સુધી શાંતિ નહીં મળી શકે.

x x x

મનુષ્ય સમજદાર થઈને પણ ઉત્પત્તિ-વિનાશશીલ વસ્તુઓને ચાહે છે. આ આશ્ચર્યની વાત છે.

x x x

શરીરમાં પોતાની સ્થિતિ માનવાથી જ નાશવંતની ઇચ્છા થાય છે. અને ઈચ્છા થવાથી જ શરીરમાં પોતાની સ્થિતિ દૃઢ થાય છે.

x x x

કાંઈક ચાહવાથી કાંઈક મળે છે અને કાંઈક નથી મળતું, પણ કાંઈ નહીં ચાહવાથી બધું જ મળે છે.

x x x

નિંદા તે માટે ખરાબ લાગે છે કે આપણે પ્રશંસા ચાહીએ છીએ. આપણે પ્રશંસા ચાહીએ છીએ તો વાસ્તવમાં આપણે પ્રશંસાને યોગ્ય નથી, કારણ કે જે પ્રશંસાને યોગ્ય હોય છે, તેનામાં પ્રશંસાની ચાહના રહેતી નથી.

x x x

બીજાઓ દ્વારા સારા કહેવડાવાની ઈચ્છા એ ઘણી મોટી નિર્બળતા છે, તે માટે સારા બનો, સારા કહેવડાવો નહીં.

x x x

સાંસારિક સુખની ઈચ્છાનો ત્યાગ ક્યારે ને ક્યારે તો કરવો જ પડશે તો પછી તેમાં વિલંબ શા માટે ?

x x x

જ્યાં સુધી બને ત્યાં સુધી બીજાઓની આશા પૂરી કરવાનો પ્રયાસ કરો, પણ બીજાઓની આશા નહીં રાખો.

x x x

વિચાર કરો, જેનાથી આપ સુખ ચાહો છો તે શું બધી રીતે સુખી છે ? શું તે દુઃખી નથી ? દુઃખી વ્યક્તિ આપને સુખી કેવી રીતે બનાવી દેશે ?

x x x

કામના છૂટવાથી જે સુખ થાય છે, તે સુખ કામનાની પૂર્તિથી કદી થતું નથી.

x x x

પરમાત્માની ઉત્કટ અભિલાષા ચાહતા હો તો સંસારની અભિલાષા છોડો.

x x x

દરિદ્રતા મટાડવી છે. તો પોતાની ઇચ્છાઓને સમાપ્ત કરી દો.

X X X

જે બદલવાવાળા (સંસાર)ની ઇચ્છા સેવે છે. તેનાથી સુખ લે છે. તે પણ બદલાતો રહે છે. અર્થાત્ અનેક યોનિઓમાં જન્મતો-મરતો રહે છે.

X X X

જેને આપણે સદાને માટે પાસે રાખી શકતા નથી. તેની ઈચ્છા કરવાથી અને તેને મેળવવાથી પણ લાભ શું ?

X X X

કામનાને કારણે જ ખામી છે. કામનાથી રહિત થવાથી કોઈ પણ ખોટ રહેશે નહીં.

X X X

કામનાનો સંપૂર્ણ ત્યાગ કરી દઈએ તો જરૂરી વસ્તુઓ આપમેળે પ્રાપ્ત થશે, કારણ કે વસ્તુઓ નિષ્કામ પુરુષ પાસે આવવા માટે લલચાય છે.

X X X

જે પોતાના સુખને માટે વસ્તુઓની ઈચ્છા કરે છે, તેને વસ્તુઓના અભાવનું દુઃખ ભોગવવું જ પડશે.

X X X

જેની ભીતર કોઈ પણ ઈચ્છા હોતી નથી. તેની જરૂરિયાતોની પૂર્તિ પ્રકૃતિ આપોઆપ કરે છે.

X X X

જે સદા આપણી સાથે રહેશે નહીં અને આપણે સદા જેની સાથે નહીં રહીશું , તેને મેળવવાની ઈચ્છા કરવી અથવા તેનાથી સુખ લેવું મૂર્ખતા છે, પતનનું કારણ છે.

X X X


સુખની ઈચ્છાથી સુખ મળતું નથી– આ નિયમ છે.

x x x

ચાહે સાધુ બનો, ચાહે ગૃહસ્થ બનો, જ્યાં સુધી કામના (કંઈક મેળવવાની ઈચ્છા) રહેશે ત્યાં સુધી શાંતિ નહીં મળી શકે.

x x x

અગર શાંતિ ચાહો છો તો, 'આમ થવું જોઈએ, આમ નહીં થવું જોઈએ'– આને છોડી દો અને 'જે ભગવાન ચાહે, તે જ થવું જોઈએ'– આને સ્વીકારી લો.



ગુરુ અને શિષ્ય

જે દુનિયાના ગુરુ બને છે, તે દુનિયાના ગુલામ થઈ જાય છે અને જે પોતે પોતાનો ગુરુ બને છે, તે દુનિયાનો ગુરુ થઈ જાય છે.

x x x

કલ્યાણ-પ્રાપ્તિમાં પોતાની લગની જ કામમાં આવે છે. પોતાની લગની જ ન હોય તો ગુરુ શું કરી શકશે ? શાસ્ત્ર શું કરશે ?

x x x

જે આપણી પાસે કંઈ પણ ચાહે છે, તે આપણો ગુરુ કેવી રીતે થઈ શકે છે ?

x x x

પુત્ર અને શિષ્યને પોતાનાથી શ્રેષ્ઠ બનાવવાનું વિધાન તો છે, પણ પોતાનો ગુલામ બનાવવાનું વિધાન નથી.

x x x

ગુરુમાં મનુષ્ય-બુદ્ધિ રાખવી અને મનુષ્યમાં ગુરુબુદ્ધિ રાખવી એ અપરાધ છે. કારણ કે ગુરુ તત્ત્વ છે, શરીરનું નામ ગુરુ નથી.

x x x

શિષ્ય દુર્લભ છે, ગુરુ નહીં. સેવક દુર્લભ છે, સેવ્ય નહીં. જિજ્ઞાસુ દુર્લભ છે, જ્ઞાન નહીં. ભક્ત દુર્લભ છે, ભગવાન નહીં.

x x x

જે આપણી પાસેથી ધન-સંપત્તિ, સુખ-સુવિધા, માન-આદર, પૂજા-સત્કાર વગેરે પણ ચાહે છે, તે આપણું કલ્યાણ નહીં કરી શકે.

x x x


જગત, જીવ અને પરમાત્મા– આ ત્રણેને ન જાણવા એ અંધકાર છે. જે આ અંધકારને મટાડી દે છે તે ગુરુ છે.

x x x

ગુરુ શિષ્ય માટે હોય છે, શિષ્ય ગુરુને માટે હોતા નથી. રાજા પ્રજાને માટે હોય છે, પ્રજા રાજાને માટે હોતી નથી.

x x x

ભગવાન જગતગુરુ હોવા છતાં પણ મનુષ્યને કદી ચેલો બનાવતા નથી, પરંતુ મિત્ર જ બનાવે છે.



ચિંતા

પ્રારબ્ધ ચિંતા મટાડવા માટે છે– નકામા બનાવવાને માટે નહીં.

x x x

શરીર-નિર્વાહને માટે તો ચિંતા (વિચાર) કરવાની જરૂર જ નથી, પણ શરીર છૂટી ગયા બાદ શું થશે– તેને માટે ચિંતા કરવાની ઘણી જરૂર છે.

x x x

જે બનવાકાળ છે તે બનીને જ રહેશે અને જે બનવાકાળ નથી તે કદી બનશે નહીં, તો પછી ચિંતા કઈ વાતની ?

x x x

આપણે પોતાને માટે કશું જોઈતું નથી, કારણ કે સ્વરૂપમાં અભાવ નથી અને શરીરને જે જોઈએ તે પ્રારબ્ધ અનુસાર પહેલેથી જ નિશ્ચિત છે, તો પછી ચિંતા કઈ વાતની ?

x x x

ભગવાન તરફથી આપણા નિર્વાહનો પ્રબંધ તો છે, પણ ભોગનો પ્રબંધ નથી. તે માટે નિર્વાહની ચિંતા અને ભોગની ઈચ્છા કરવી નહીં.

x x x

ભગવાન જે કાંઈ કરે છે અને કરશે, તેમાં જ મારું હિત છે– એવો વિશ્વાસ રાખીને જે પરિસ્થિતિ મળે તેમાં નિશ્ચિંત રહેવું જોઈએ.

x x x


દુઃખ-ચિંતાનું કારણ વસ્તુઓનો અભાવ નથી, પણ મૂર્ખતા છે. આ મૂર્ખતા સત્સંગથી દૂર થાય છે.

x x x

મનુષ્ય જેમ જેમ પોતાના શરીરની ચિંતા છોડે છે, તેમ તેમ તેના શરીરની ચિંતા સંસાર કરવા લાગે છે.

x x x

ભગવાનના ભરોંસે રહેવાથી કોઈ પ્રકારની ચિંતા ટકી શકતી નથી.



ચેતવણી

મૃત્યુકાળની બધી સામગ્રી તૈયાર છે. કફન પણ તૈયાર છે,નવું નહીં બનાવવું પડે. ઉઠાવવાવાળા માણસો પણ તૈયાર છે, નવા નહીં જન્મે. બાળવાની જગા પણ તૈયાર છે,નવી લેવી પડશે નંહીં. બાળવાને માટે લાકડાં પણ તૈયાર છે,નવાં વૃક્ષો વાવવાં નહીં પડે. માત્ર શ્વાસ બંધ થવાની જ વાર છે. શ્વાસ બંધ થતાં જ આ બધી સામગ્રી જોડાઈ જશે. પછી નિશ્ચિંત કેમ બેઠા છો ?

x x x

ચેતો ! આ સંસાર સદા રહેવાને માટે નથી. અહીંયાં માત્ર મરવા માટે જ મરનારાઓ જ રહે છે. તો પછી પગ પસારીને કેમ બેઠા છો ?

x x x

વિચાર કરો. શું આ દિવસો સદા આવા જ રહેશે ?

x x x

મકાન અહીંયાં બનાવી રહ્યા છો, સજાવટ અહીંયાં કરી રહ્યા છો, સંગ્રહ અહીંયાં કરી રહ્યા છો . પણ ખુદ મોત તરફ ભાગી જઈ રહ્યા છો ! જ્યાં જવાનું છે. પહેલાં તેને તો ઠીક કરો.

x x x


નિશ્ચિત સમય પર ઉપડવાવાળી ગાડી માટે પણ જ્યારે પહેલેથી સાવચેતી રાખીએ છીએ તો, પછી જે મોતરૂપી ગાડીનો કોઈ નિશ્ચિત સમય નથી, તેને માટે તો સતત સાવચેતી રહેવી જોઈએ.

x x x

'કરીશું' –આ નક્કી નથી, પણ 'મરીશું'– એ નિશ્ચિત છે.

x x x

આપ ભગવાનને જોતા નથી, પણ ભગવાન આપને નિરંતર જોઈ રહ્યા છે.



તત્ત્વજ્ઞાન

પરમાત્માનું જ્ઞાન કરણ-નિરપેક્ષ છે. તે માટે તેનો અનુભવ પોતે પોતાનાથી જ થઈ શકે છે, ઈન્દ્રિયો-મન-બુદ્ધિ વગેરે કરણોથી નહીં.

x x x

જ્યાં સુધી નાશવંત વસ્તુઓમાં સત્ય દેખાશે, ત્યાં સુધી બોધ નહીં થાય.

x x x

બોધ થવાથી પોતાનામાં દોષ તો રહેતા નથી અને ગુણ (વિશેષતા) દેખાતા નથી.

x x x

જે આપણું સ્વરૂપ નથી તેનો ત્યાગ (સંબંધ-વિચ્છેદ) કરી દેવામાં આવે તો જે આપણું સ્વરૂપ છે, તેનો બોધ થઈ જશે.

x x x

સાધકમાં કોઈ પણ આગ્રહ નહીં રહેવો જોઈએ, ન દ્વૈતનો, ન અદ્વૈતનો. આગ્રહ રહેવાથી બોધ થતો નથી.

x x x

જ્યાં સુધી અહમ્ છે, ત્યાં સુધી તત્ત્વજ્ઞાનનું અભિમાન તો હોઈ શકે છે, પણ વાસ્તવિક તત્ત્વજ્ઞાન હોઈ શકતું નથી.

x x x

જ્યાં સુધી આપણાં રાગ-દ્વેષ છે, ત્યાં સુધી તત્ત્વબોધ થયો નથી– માત્ર વાતો શીખી છે.

x x x

તત્ત્વજ્ઞાન થવામાં કાંઈ જન્મો લાગતા નથી, તીવ્ર અભિલાષા હોય તો મિનિટોમાં થઈ શકે છે, કારણ કે તત્ત્વ સદા-સર્વદા વિદ્યમાન છે.

x x x

તત્ત્વજ્ઞાન અભ્યાસથી થતું નથી. પરંતુ પોતાના વિવેકને મહત્ત્વ આપવાથી થાય છે. અભ્યાસથી એક નવી અવસ્થા બને છે. તત્ત્વ નથી મળતું.

x x x

જ્યાં સુધી તત્ત્વજ્ઞાન થઈ જતું નથી, ત્યાં સુધી બધાં પ્રાણીઓ કેદી છે. કેદીનું લક્ષણ છે– પાપકર્મ પોતાની મરજીથી કરે અને દુઃખ ભોગવે બીજાની મરજીથી.

x x x

'હું બ્રહ્મ છું' આ અનુભવ નથી, પરંતુ અહંગ્રહ-ઉપાસના છે. તે માટે તત્ત્વજ્ઞાન થવાથી 'હું બ્રહ્મ છું' – આ અનુભવ થતો નથી.

x x x

તત્ત્વજ્ઞાન થવાથી કામ-ક્રોધાદિ વિકારોનો અત્યંત અભાવ થઈ જાય છે.

x x x

જ્યાં સુધી આપણી દૃષ્ટિમાં અસત્‌ની સત્તા છે, ત્યાં સુધી વિવેક છે. અસત્‌ની સત્તા મટી જવાથી જ વિવેક તત્ત્વજ્ઞાનમાં ફેરવાઈ જાય છે.

x x x


પોતાનામાં અને બીજાઓમાં નિર્દોષતાનો અનુભવ થવો એ તત્ત્વજ્ઞાન છે, જીવનમુક્તિ છે.

x x x

તત્ત્વજ્ઞાન થવાથી જ્ઞાની પુરુષ પરિસ્થિતિથી રહિત થતો નથી, પણ સુખ-દુઃખથી રહિત થાય છે.

x x x

તત્ત્વજ્ઞાન શરીરનો નાશ કરતું નથી, પણ શરીરના સંબંધનો અર્થાત્ અહંતા-મમતાનો નાશ કરે છે.



ત્યાગ

પૂર્ણ ત્યાગ ત્યારે થાય છે, જ્યારે ત્યાગનું બિલકુલ પણ અભિમાન ન આવે. અભિમાન ત્યારે આવે છે, જ્યારે અંતઃકરણમાં ત્યાગેલી વસ્તુનું મહત્ત્વ અંકિત હોય. તેથી વસ્તુના ત્યાગ કરતાં વસ્તુના મહત્ત્વનો ત્યાગ શ્રેષ્ઠ છે.

x x x

જ્યાં સુધી કોઈ સાથે કાંઈ પણ પ્રયોજન રહે છે, ત્યાં સુધી વાસ્તવિક ત્યાગ થતો નથી.

x x x

કામ-ક્રોધ, અહંતા-મમતા વગેરેને જ્યારે આપણે પકડવાનું જાણીએ છીએ, તો તેને છોડવાનું પણ આપણે જાણીએ જ છીએ. પરંતુ આપણે તેને છોડવા ચાહતા નથી. તે માટે તેના ત્યાગમાં અસમર્થતા પ્રતીત થઈ રહી છે.

x x x

મુક્તિ ઇચ્છાનો ત્યાગ કરવાથી થાય છે, વસ્તુના ત્યાગથી નહીં.

x x x

શરીર ક્યારેય પણ આપણને કામ આવતું નથી. પણ શરીરમાં હું–મારાપણાંનો ત્યાગ જ આપણને કામ આવે છે.

x x x

શરીર-સંસાર આપોઆપ છૂટી રહ્યાં છે. પરંતુ આથી કલ્યાણ નહીં થાય. છૂટી જવાવાળી ચીજોને આપ છોડી દો. તેનાથી હું–મારાપણું હટાવી લો, ત્યારે કલ્યાણ થશે.

x x x


અંતઃકરણમાં રૂપિયાનું મહત્ત્વ હોવાથી જ રૂપિયાના ત્યાગમાં વિશેષતા દેખાય છે. અને તેના ત્યાગનું અભિમાન આવે છે. તેથી ત્યાગના અભિમાનમાં રૂપિયાનું જ મહત્ત્વ છે.

x x x

ત્યાગ કરવાથી પોતાની ઉન્નતિ થાય છે તથા વસ્તુ શુદ્ધ થઈ જાય છે અને ભોગ કરવાથી પોતાનું પતન થાય છે તથા વસ્તુનો નાશ થઈ જાય છે.

x x x

એક અહમ્‌ના ત્યાગથી અનંત સૃષ્ટિનો ત્યાગ થઈ જાય છે, કારણ કે અહમે્ જ સંપૂર્ણ જગતને ધારણ કરી રાખ્યું છે.



દોષ-દૃષ્ટિ

પોતાનામાં ગુણોનું અભિમાન હોવાથી જ બીજાઓમાં દોષ દેખાય છે અને બીજાઓમાં દોષ જોવાથી જ પોતાનું અભિમાન પુષ્ટ થાય છે.

x x x

પોતાના અંતઃકરણની મલિનતાને કારણે જ બીજાઓમાં દોષ દેખાય છે.

x x x

જે સાધક પોતાના દોષોને દૂર કરવા ચાહે છે, તેણે બીજાના

દોપોની તરફ જોવું નહીં જોઈએ. બીજાઓના દોષ જોવાથી પોતાના દોષ પુષ્ટ થાય છે અને દોષોની સાથે સંબંધ થઈ જવાથી નવા-નવા દોષ ઉત્પન્ન થાય છે.

x x x

બીજાઓના દોષ જોવાથી નથી આપણું ભલું થતું. નથી બીજાઓનું.

x x x

મનુષ્યનું અંતઃકરણ જેટલું દોષી (મલિન) હોય છે, તેટલા જ તેને બીજાઓમાં દોષ દેખાય છે. રેડિયોની માફક મલિન અંતઃકરણ જ દોષને પકડે છે.

x x x


જો આપ ચાહો કે મને કોઈ ખરાબ ન સમજે તો બીજાઓને ખરાબ સમજવાનો આપને કોઈ અધિકાર નથી.

x x x

કોઈને પણ બૂરા નહીં માનવાથી ભલાઈ ભીતરથી પ્રગટ થાય છે. ભીતરથી પ્રગટેલી ભલાઈ નક્કર અને વ્યાપક હોય છે.

x x x

જો પોતે પોતાની નિર્દોષતાને સુરક્ષિત રાખવા ચાહો છો તો કોઈમાં પણ દોષ ન જુઓ, ન પોતાનામાં ન બીજાઓમાં.



ધન

રૂપિયાને બધાથી ઉત્તમ માનવા બુદ્ધિ ભ્રષ્ટ થવાનું લક્ષણ છે.

x x x

ધર્મને માટે ધન નહીં, મન જોઈએ.

x x x

ધન કોઈને પણ પોતાનો ગુલામ બનાવતું નથી. પણ મનુષ્ય જાતે જ ધનનો ગુલામ બનીને પોતાનું પતન કરી લે છે.

x x x

રૂપિયાને લીધે કોઈ શેઠ થતો નથી, પણ કંગાળ બને છે. વાસ્તવમાં શેઠ તે છે, જે શ્રેષ્ઠ છે અર્થાત્ જેને કદી કાંઈ પણ જોઈતું નથી.

x x x

હમણાં જે ધન મળી રહ્યું છે, તે વર્તમાન કર્મનું ફળ નથી, પણ પ્રારબ્ધનું ફળ છે. વર્તમાનમાં ધન મેળવવા માટે જે જૂઠ, કપટ, બેઈમાની, ચોરી વગેરે કરે છે, તેનું ફળ (દંડ) તો આગળ મળશે !

x x x

અન્યાયપૂર્વક કમાયેલું ધન આપણને કામ આવી જાય– આ નિયમ નથી પણ તેનો દંડ ભોગવવો પડશે– આ નિયમ છે.

x x x

જ્યાં રૂપિયાની જરૂર હોય છે, ત્યાં પરમાર્થ હોતો નથી, પણ રૂપિયાની ગુલામી હોય છે.

x x x

જેવી રીતે પોતાનું દુઃખ દૂર કરવાને માટે રૂપિયા ખર્ચ કરીએ છીએ, તેવી જ રીતે બીજાઓનું દુઃખ દૂર કરવા માટે પણ ખર્ચ કરીએ, ત્યારે આપણને રૂપિયા રાખવાનો હક્ક છે.

x x x

જેવી રીતે જૂઠ, કપટ, બેઈમાની વગેરે કરવાથી જેટલી હાનિ થાય છે, તેટલો લાભ થતો જ નથી અર્થાત્ તેટલું ધન આવતું નથી અને જેટલું ધન આવે છે, તેટલું પૂરેપૂરું કામ આવતું નથી, તેથી થોડા લાભને માટે આટલી બધી બેઈમાની કરવી એ ક્યાંની બુદ્ધિમાની છે ?

x x x

મરણ સમયે સ્વભાવ સાથે જશે, ધન સાથે જશે નહીં. પરંતુ મનુષ્ય સ્વભાવ તો બગાડી રહ્યો છે અને ધન એકઠું કરી રહ્યો છે. બુદ્ધિની બલિહારી છે !

x x x

રૂપિયા મળવાથી મનુષ્ય સ્વાધીન થતો નથી, પણ રૂપિયાને પરાધીન થાય છે. કારણ કે રૂપિયા 'પર' છે.

x x x


ધન હોવા છતાં મનુષ્ય સંત બની શકે છે, પણ ધનની લાલસા રહેતાં મનુષ્ય સંત બની શકતો નથી.

x x x

દરિદ્રતા ધન મળવાથી જતી નથી, પણ ધનની ઈચ્છા છોડવાથી જાય છે.

x x x

મનુષ્યની ઈજ્જત ધન વધવાથી નહીં, પણ ધર્મ વધવાથી વધે છે.



નામજપ

સાધકની સમજમાં ભલે કાંઈ નહીં આવતું હોય, તેણે ભગવાનનું શરણું લઈને ભગવાનનાં નામના જપ તો આરંભ કરી દેવો જોઈએ.

x x x

ભગવાનનો જપ અને કીર્તન એ બંને કળિયુગથી રક્ષણ કરી ઉદ્ધાર કરવાવાળા છે.

x x x

નામજપમાં પ્રગતિ થવાની ઓળખ એ છે કે નામજપ છૂટે નહીં.

x x x

નામજપમાં રૂચિ નામજપ કરવાથી જ થાય છે.

x x x


નામજપ અભ્યાસ નથી, પણ પોકાર છે. અભ્યાસમાં શરીર-ઈન્દ્રિયો-મનની અને પોકારમાં સ્વયંની પ્રધાનતા રહે છે.

x x x

નામજપ બધાં સાધનોનો પોષક છે.

x x x

ભગવાનનું નામ બધાને માટે ખુલ્લું છે અને જીભ પોતાના મોંમાં છે. તોપણ નરકમાં જાય છે– આ બહુ આશ્ચર્યની વાત છે.



પરહિત(સેવા)

બીજાઓનું અહિત કરવાથી પોતાનું અહિત અને બીજાઓનું હિત કરવાથી પોતાનું હિત થાય છે– આ નિયમ છે.

x x x

સંસારનો સંબંધ 'ઋણાનુબંધ' છે. આ ઋણાનુબંધથી મુક્ત થવાનો ઉપાય છે – બધાની સેવા કરવી અને કોઈથી કાંઈ ન ચાહવું.

x x x

સાધક પરમાત્માના સગુણ યા નિર્ગુણ કોઈ પણ રૂપની પ્રાપ્તિ ચાહતો હોય, તેણે તમામ પ્રાણીઓના હિતમાં રત હોવું અત્યંત આવશ્યક છે.

x x x

સાધકે સંસારની સેવા માટે સંસારમાં રહેવાનું છે, પોતાના સુખને માટે નહીં.

x x x

સાચા હૃદયથી ભગવાનની સેવામાં લાગી રહેલા સાધકો દ્વારા પ્રાણીમાત્રની સેવા થાય છે, કારણ કે બધાનું મૂળ ભગવાન જ છે.

x x x

સાધકે પોતાના પર આવેલા મોટામાં મોટા દુઃખને પણ સહી લેવું જોઈએ અને બીજાઓ પર આવેલા નાનામાં નાના દુઃખને પણ સહન નહીં કરવું જોઈએ.

x x x

બીજાઓને સુખ પહોંચાડવાની ઈચ્છાથી પોતાની સુખેચ્છા મટે છે.

x x x

કોઈને જરા પણ દુઃખ ન થાય– આ ભાવ મહાન ભજન છે.

x x x

જેવી રીતે મનુષ્ય ઓફિસે જાય છે તો ત્યાં માત્ર ઓફિસનું જ કામ કરે છે. તેવી જ રીતે આ સંસારમાં આવીને માત્ર સંસારને માટે જ કામ કરવાનું છે. પોતાને માટે નહીં. પછી સુગમતાપૂર્વક સંસાર સાથે સંબંધ-વિચ્છેદ અને નિત્યપ્રાપ્ત પરમાત્માનો અનુભવ થઈ જશે.

x x x

સમય, સમજ, સામગ્રી અને સામર્થ્ય આ ચારને પોતાને માટે માનવાં એ તેનો દુરુપયોગ છે અને બીજાઓના હિતમાં લગાડવાં એ તેનો સદ્દુપયોગ છે.

x x x

સંયોગજન્ય સુખ મળવાથી જે પ્રસન્નતા મળે છે, તે પ્રસન્નતા જો બીજાઓને સુખ પહોંચાડવામાં મળવા માંડે તો પછી કલ્યાણમાં સંદેહ નથી.

x x x

આપણને જે સુખ-સુવિધા મળી છે, તે સંસારની સેવા કરવાને માટે જ મળી છે.

x x x

મનુષ્ય-શરીર પોતાના સુખ-ભોગને માટે મળ્યું નથી, પણ સેવા કરવાને માટે, બીજાઓને સુખ આપવાને માટે મળ્યું છે.

x x x

મનુષ્યને ભગવાને એટલો મોટો અધિકાર આપ્યો છે કે તે જીવ-જંતુઓની, મનુષ્યની, ઋષિ-મુનિયોની, સંત-મહાત્માઓની, દેવતાઓની, પિતૃઓની, ભૂત-પ્રેતોની, બધાની સેવા કરી શકે છે. બીજું તો શું, તે સાક્ષાત્ ભગવાનની પણ સેવા કરી શકે છે !

x x x

સંસારની સેવા કર્યા વિના કર્મ કરવાની આસક્તિ નિવૃત્ત થતી નથી, રાગ નિવૃત્ત થતો નથી.

x x x

જેમ કોઈ કંપનીનું કામ સારું કરવાથી તેનો માલિક પ્રસન્ન થઈ જાય છે, તેમ જ સંસારની સેવા કરવાથી તેના માલિક ભગવાન પ્રસન્ન થઈ જાય છે.

x x x

અભિમાની માણસથી સેવા તો ઓછી થાય છે, પણ તેને લાગે છે કે મેં ઘણી સેવા કરી. પરંતુ નિરભિમાની માણસને ખબર ઓછી પડે છે, પણ સેવા ઘણી થાય છે.

x x x

જેવી રીતે માનું દૂધ તેના પોતાના માટે નથી હોતું અને બાળકને માટે જ હોય છે, તેવી જ રીતે મનુષ્યની પાસે જે પણ સામગ્રી છે, તે તેના પોતાના માટે નથી બીજાઓને માટે છે.

x x x

જેવી રીતે ભોગી પુરુષની ભોગમાં, મોહી પુરુષની કુટુંબમાં અને લોભી પુરુષની ધનમાં રતિ હોય છે, તેવી જ રીતે શ્રેષ્ઠ પુરુષોની પ્રાણીમાત્રના હિતમાં રતિ હોય છે.

x x x

વ્યક્તિઓની સેવા કરવાની છે અને વસ્તુઓનો સદ્દુપયોગ કરવાનો છે.

x x x

માત્ર બીજાઓના હિતને માટે કર્મ કરવાથી કર્મોનો પ્રવાહ સંસાર તરફ થઈ જાય છે અને સાધક કર્મ-બંધનથી મુક્ત થઈ જાય છે.

x x x

જે સર્વત્ર પરિપૂર્ણ પરમાત્મતત્ત્વની સાથે અભિન્નતાનો અનુભવ કરવા ચાહે છે, તેમને માટે પ્રાણીમાત્રના હિતમાં પ્રીતિ થવી આવશ્યક છે.

x x x

સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ– ત્રણે શરીરોથી કરવામાં આવેલ તીર્થ, વ્રત, દાન, ચિંતન, ધ્યાન, સમાધિ વગેરે સમસ્ત શુભ કર્મ સકામભાવથી અર્થાત્ પોતાને માટે કરવાથી 'પરધર્મ' થઈ જાય છે. અને નિષ્કામભાવે અર્થાત્ બીજા માટે કરેલ કર્મ સ્વધર્મ થઈ જાય છે.

x x x

વસ્તુનો સૌથી ઉત્તમ ઉપયોગ છે– તેને બીજાઓના હિતમાં લગાડવી તે છે.

x x x

શ્રેષ્ઠ પુરુષ તે છે કે, જે બીજાઓના હિતમાં લાગેલો છે.

x x x

આપણું જીવન આપણા માટે નથી, પણ બીજાઓના હિતને માટે છે.

x x x

બીજાઓના દુઃખથી દુઃખી થવું એ સેવાનું મૂળ છે.

x x x

ભલાઈ કરવાથી સમાજની સેવા થાય છે.

x x x

બૂરાઈ-રહિત થવાથી વિશ્વમાત્રની સેવા થાય છે.

x x x

કામના-રહિત થવાથી પોતાની સેવા થાય છે.

x x x

ભગવાનને પ્રેમ (પોતાપણું) કરવાથી ભગવાનની સેવા થાય છે.

x x x

જે સાચા હૃદયથી ભગવાન તરફ ચાલે છે, તેના દ્વારા સ્વતઃ-સ્વાભાવિક બીજાઓનું હિત થાય છે.

x x x

સંસાર પાસેથી મળેલી વસ્તુમાત્ર સંસારની સેવા કરવા માટે છે, બીજા કોઈ કામની નથી.

x x x

કોઈ વસ્તુ આપણને સારી લાગે તો તે ભોગવવાને માટે નથી. પણ સેવા કરવાને માટે છે.

x x x

મનુષ્યે તે કામ કરવું જોઈએ, જેનાથી તેનું પણ હિત થાય અને દુનિયાનું પણ હિત થાય. હાલમાં પણ હિત થાય અને પરિણામમાં પણ હિત થાય.

x x x

શરીરની સેવા કરશો તો સંસારની સાથે સંબંધ જોડાઈ જશે અને (ભગવાનને માટે) સંસારની સેવા કરશો તો ભગવાનની સાથે સંબંધ જોડાઈ જશે.

x x x

જેના હૃદયમાં સૌના હિતનો ભાવ રહે છે, તે ભગવાનના હૃદયમાં સ્થાન પામે છે.

x x x

પરમાર્થ બગડયો નથી, પણ વ્યવહાર બગડ્યો છે. તેથી વ્યવહાર ઠીક કરવાનો છે. વ્યવહાર ઠીક થશે– સ્વાર્થ અને અભિમાનનો ત્યાગ કરીને બીજાઓની સેવા કરવાથી.

x x x

બીજાઓના હિતનો ભાવ રાખવાવાળો જ્યાં પણ રહેશે, ત્યાં ભગવાનને પ્રાપ્ત કરી લેશે.

x x x

ભગવાનની સન્મુખ થવા માટે સંસારથી વિમુખ થવાનું છે, અને સંસારથી વિમુખ થવાને માટે નિષ્કામભાવથી બીજાની સેવા કરવાની છે.

x x x

સેવાને માટે વસ્તુની કામના કરવી એ ભૂલ છે. જે વસ્તુ મળી છે તેનાથી જ સેવા કરવાનો અધિકાર છે.

x x x

સંસારમાં બીજાઓને માટે જેવું કરશો, પરિણામમાં તેવું જ પોતાને માટે થઈ જશે. તેથી બીજાઓને માટે હમેશાં સારું જ કરો.

x x x

જે પોતાના સ્વાર્થ અને અભિમાનનો ત્યાગ કરીને માત્ર બીજાના હિતમાં લાગેલો છે, તેનું જીવવું વાસ્તવમાં જીવવું છે.

x x x

જે સેવા લેવા ચાહે છે, તેને માટે તો હાલનો સમય ઘણો ખરાબ છે, પણ જે સેવા કરવા ચાહે છે તેને માટે હાલનો સમય ઘણો ઉત્તમ છે.

x x x

આપણી કોઈ પણ ક્રિયાથી કોઈને પણ કિંચિત્માત્ર પણ દુઃખ ન થાય— આ ભાવ 'સેવા' છે.

x x x


નિઃસ્વાર્થ ભાવથી બીજાઓની સેવા કરવાથી વ્યવહાર પણ ઉત્તમ થાય છે અને મમતા પણ છૂટી જાય છે.

x x x

ઘરવાળાઓની સેવા કરવાથી મોહ થતો જ નથી. મોહ થાય છે કાંઈ ને કાંઈ લેવાની ઈચ્છાથી.

x x x

ભગવાનને પ્રાપ્ત કરીને મનુષ્ય સંસારનો જેટલો ઉપકાર કરી શકે છે, તેટલો કોઈ દાન-પુણ્યથી કરી શકતો નથી.



પાપ અને પુણ્ય

કોઈ આપણું અપમાન કરે છે તો તેનાથી ખરેખર આપણો ઉપકાર જ થાય છે. કારણ કે તેના અપમાનથી આપણું પાપ કપાય છે.

x x x

બીજાઓની નિંદા કરવાથી તો પાપ લાગે છે, નિંદા સાંભળવાથી અને કહેવાથી પણ પાપ લાગે છે.

x x x

પોતાના કલ્યાણની તીવ્ર ઈચ્છા હોવાથી સાધકનાં પાપ નષ્ટ થઈ જાય છે.

x x x

ભગવાનથી વિમુખ થઈ સંસારથી સન્મુખ થવા સમાન કોઈ પાપ નથી.

x x x

હવે હું ફરીથી પાપ નહીં કરું– આ પાપનું અસલી પ્રાયશ્ચિત છે.

x x x

મનુષ્ય-જન્મમાં કરેલાં પાપો નરક અને ચોર્યાસી લાખ યોનિઓમાં ભોગવવા છતાં પણ સમાપ્ત થતાં નથી પણ બાકી રહી જાય છે અને જન્મ-મરણનું કારણ બને છે.

x x x

આ સર્વજ્ઞ, સર્વસુહૃદ્, સર્વસમર્થ પ્રભુનું વિધાન છે કે પોતાના પાપથી વધારે દંડ કોઈ ભોગવતું નથી અને જે દંડ મળે છે, તે પોતાના કોઈને કોઈ પાપનું ફળ હોય છે.

x x x

જ્યાં મનુષ્ય અનુકૂળતાથી સુખી અને પ્રતિકૂળતાથી દુઃખી થાય છે ત્યાં જ તે પાપ-પુણ્યથી બંધાય છે.

x x x

નાશવાનને મહત્ત્વ આપવું એ જ બંધન છે, તેનાથી જ બધાં પાપ પેદાં થાય છે.

x x x

જો સુખની ઈચ્છા છે તો પાપ કરવા નહીં ચાહો તોપણ પાપ થશે. સુખની ઈચ્છા જ પાપ કરવાનું શીખવે છે. તેથી પાપોથી છૂટવું હોય તો સુખની ઈચ્છાનો ત્યાગ કરો.

x x x

જ્યાં બીજાઓને દુઃખ આપવાની અને પોતાનો મતલબ સાધવાની દાનત હોય છે, ત્યાં પાપ લાગે છે અને બંધન થાય છે.

x x x

છુપાવવાથી પાપ અને પુણ્ય– બન્ને વિશેષ ફળ આપવાવાળા થઈ જાય છે. તે માટે પોતાનાં પાપ પ્રગટ કરી દેવાં જોઈએ, પણ પુણ્ય પ્રગટ નહીં કરવાં જોઈએ– **છીજહિં નિસિચર દિનુ અરુ રાતી । નિજ મુખ કહેં સુકૃત જેહિ ભાઁતી** (માનસ, લંકા૦ ૭૨ । ૨).

x x x

કોઈ વ્યક્તિને ભગવાનના તરફ લગાડવા સમાન કોઈ પુણ્ય નથી, કોઈ દાન નથી.

x x x


મને સુખ મળી જાય– આ બધાં પાપોનું મૂળ છે.

x x x

મનુષ્ય પ્રારબ્ધ અનુસાર પાપ-પુણ્ય નથી કરતો, કારણ કે કર્મનું ફળ કર્મ નથી હોતું , પણ ભોગ હોય છે.

x x x

પહેલાં પાપ કરી લઈએ પછી પ્રાયશ્ચિત કરી લઈશું– આ રીતે જાણી જોઈને કરવામાં આવેલાં પાપ પ્રાયશ્ચિતથી નષ્ટ થતાં નથી.



પારમાર્થિક માર્ગ

પ્રત્યેક મનુષ્યે ભગવાનના તરફ ચાલવું જ પડશે, ચાહે આજે ચાલે કે અનેક જન્મો પછી, તો પછી વિલંબ શા માટે ?

x x x

સાચા હૃદયથી ભગવાનમાં લાગી જવાથી સાધકને ભૂત, ભવિષ્ય અને વર્તમાનના બધા સંતોની પ્રસન્નતા, કૃપા પ્રાપ્ત થાય છે.

x x x

જ્યારે સાધક સ્વયં ભગવાનમાં લાગી જાય છે, ત્યારે તેનાં મન-બુદ્ધિ ભગવાનમાં આપોઆપ લાગી જાય છે. તેને લગાડવાં પડતાં નથી.

x x x

પારમાર્થિક માર્ગમાં સાધકને સાંસારિક અનુકૂળતા (ધન, માન, મોટાઈ, આરામ વગેરે) ત્યાં સુધી બાધક પ્રતીત થાય છે, જ્યાં સુધી તેનામાં સાંસારિક સુખની કાંઈ ઈચ્છા યા રૂચિ વિદ્યમાન છે.

x x x

સાંસારિક સફળતા-વિફળતામાં ખુશ-નાખુશ થવાવાળો મનુષ્ય પારમાર્થિક માર્ગમાં તત્પરતાથી ચાલી શકતો નથી.

x x x

પારમાર્થિક માર્ગમાં રાગ-દ્વેષ જ સાધકની સાધન-સંપત્તિને લૂંટવાવાળા મુખ્ય શત્રુ છે.

x x x

કોઈ પણ રીતે ભગવાનમાં લાગી જાઓ, પછી ભગવાન પોતે જ સંભાળશે.

x x x

પરમાત્મા તરફ ચાલવાથી સંસારનું કાર્ય (વ્યવહાર) પણ ઠીક ચાલે છે, પણ સંસાર તરફ ચાલવાથી પરમાત્માની પ્રાપ્તિ થતી નથી.

x x x

પોતાને પરમાત્મામાં ચાહે ભેદભાવથી લગાડો, ચાહે અભેદભાવથી લગાડો, પરિણામ એક જ હશે.

x x x


સંસારના કામમાં તો નફો અને નુકસાન બન્ને થાય છે, પણ ભગવાનના કામમાં નફો જ નફો થાય છે, નુકસાન થતું જ નથી.

x x x

સંસાર તરફ ચાલવાવાળાના કોઈ પણ સાથી હોતા નથી, પણ ભગવાન તરફ ચાલવાવાળાના સૌ કોઈ સાથી થઈ જાય છે.

x x x

સ્વાર્થી માણસ પારમાર્થિક માર્ગમાં પણ પોતાનો સ્વાર્થ જ સાધે છે અને પારમાર્થિક સાધક સાંસારિક વ્યવહારમાં પણ પોતાનો પરમાર્થ જ સાધે છે.



પ્રેમ

સંસારથી સર્વથા રાગ હટતાં જ ભગવાનમાં અનુરાગ (પ્રેમ) થઈ જાય છે.

x x x

જે ચીજ પોતાની હોય છે, તે સદા પોતાને પ્યારી લાગે છે. તેથી એકમાત્ર ભગવાનને પોતાના માની લેવાથી ભગવાનમાં પ્રેમ પ્રગટ થઈ જાય છે.

x x x

કેટલા આશ્ચર્યની વાત છે કે જે નિત્ય-નિરંતર વિદ્યમાન રહે છે, તે (પરમાત્મા) તો પ્રિય લાગતા નથી, પણ જે નિત્ય-નિરંતર બદલાઈ રહ્યો છે, તે (સંસાર) પ્રિય લાગે છે.

x x x

સંસારની આસક્તિનો ત્યાગ કર્યા વિના ભગવાનમાં પ્રીતિ થતી નથી.

x x x

જ્યાં સુધી સંસારમાં આસક્તિ છે, ત્યાં સુધી ભગવાનમાં અસલી પ્રેમ નથી.

x x x

સંસારની સુખાસક્તિ જ ભગવત્-પ્રેમમાં ખાસ બાધક છે. અગર સુખાસક્તિનો ત્યાગ કરી દેવામાં આવે તો ભગવાનમાં પ્રેમ આપમેળે જાગ્રત થઈ જશે.

x x x

જ્યાં સુધી નાશવંતની તરફ ખેંચાણ રહેશે, ત્યાં સુધી સાધના કરવા છતાં પણ અવિનાશી તરફ ખેંચાણ (પ્રેમ) અને તેનો અનુભવ થશે નહીં.

x x x

ભગવાનમાં અનન્ય પ્રેમનું નામ રાધાતત્ત્વ છે. જ્યાં સુધી સંસારમાં આકર્ષણ રહે છે, ત્યાં સુધી રાધાતત્ત્વ અનુભવમાં નહીં આવે.

x x x

ભગવાનમાં પ્રેમ થવા સમાન કોઈ ભજન નથી. તે પ્રેમ યજ્ઞ, દાન, તપ, વ્રત, ઉપાસના વગેરેથી થતો નથી, પરંતુ એકમાત્ર ભગવાનમાં આપણાપણું હોવાથી થાય છે.

x x x

જ્યાં સુધી સાધક પોતાના મનની વાત પૂરી કરવા ચાહશે, ત્યાં સુધી તેનો નહીં સગુણમાં પ્રેમ થાય કે નહીં નિર્ગુણમાં.

x x x

ભગવત્-પ્રેમ યજ્ઞ, દાન, તપ, વ્રત વગેરેથી પ્રાપ્ત થતો નથી. બલ્કે ભગવાનમાં દૃઢ પોતાપણાથી પ્રાપ્ત થાય છે.

x x x

તપસ્યાથી પ્રેમ મળતો નથી, પરંતુ શક્તિ મળે છે. પ્રેમ ભગવાનમાં પોતાપણું થવાથી મળે છે.

x x x

ભગવત્-પ્રેમમાં જે વિલક્ષણ રસ છે, તે જ્ઞાનમાં નથી. જ્ઞાનમાં તો અખંડ આનંદ છે. પણ પ્રેમમાં અનંત આનંદ છે.

x x x

ભેદ મતમાં હોય છે. પ્રેમમાં નહીં. પ્રેમ તમામ મતભેદોનો નાશ કરે છે.

x x x

ભગવાન તરફ ખેંચાણ થવાનું નામ ભક્તિ છે. ભક્તિ કદી પૂર્ણ હોતી નથી, પરંતુ ઉત્તરોત્તર વધતી રહે છે.

x x x


ભગવાનના પ્રેમને માટે તેમનામાં દૃઢ પોતાપણાની જરૂર છે અને તેમનાં દર્શન માટે ઉત્કટ અભિલાષાની જરૂર છે.

x x x

સંસારને જાણશો તો તેનાથી વૈરાગ થઈ જશે અને પરમાત્માને જાણશો તો તેમનામાં પ્રેમ થઈ જશે.

x x x

જેમને મળવાનું અવશ્ય સંભવ છે, તે પરમાત્માને પ્રેમ કરો અને જેનાથી અલગ થવાનો અવશ્ય સંભવ છે તે સંસારની સેવા કરો.



મોટાઈ

ઉત્પન્ન અને નષ્ટ થનારી વસ્તુને લીધે પોતાને મોટો અથવા નાનો માનવો એ ઘણી મોટી ભૂલ છે, તુચ્છતા છે.

x x x

પોતાને નાના અને બીજાઓને મોટા માનવા અસલી મોટાઈ છે. પોતાને મોટા અને બીજાઓને નાના માનવા અસલી નીચપણું છે.

x x x


મોટો વાસ્તવમાં તે જ છે જે બીજાઓને મોટા બનાવે છે. જે બીજાઓને નાના બનાવે છે, તે પોતે નાનો છે, ગુલામ છે.

x x x

ધન, જમીન, મકાન વગેરે ચીજોના સંબંધથી પોતાને મોટો માનવો એ બુદ્ધિ ભ્રષ્ટ થવાનું લક્ષણ છે.

x x x

સાંસારિક પદાર્થોને લઈને જે પોતાને મોટો માને છે, તેને આ સાંસારિક પદાર્થ તુચ્છ બનાવી દે છે.



બંધન અને મુક્તિ

શરીર વગેરે સાંસારિક પદાર્થોને પોતાના માનવા એ જ બંધન છે અને પોતાના ન માનવા એ જ મુક્તિ છે. પોતાના માનવામાં અથવા ન માનવામાં તમામે તમામ સ્વતંત્ર છે.

x x x

સંસારના બધા સંબંધ મુક્ત કરવાવાળા પણ છે અને બાંધવાવાળા પણ. ફક્ત પરમાર્થ (સેવા) કરવાને માટે માનેલો સંબંધ મુક્ત કરવાવાળો અને સ્વાર્થ માટે માનેલો સંબંધ બાંધવાવાળો હોય છે.

x x x

માનવ-શરીરનો દુરુપયોગ કરવાથી જીવ બંધાઈ જાય છે અને સદુપયોગ કરવાથી મુક્ત થઈ જાય છે. પોતાના સ્વાર્થને માટે બીજાઓનું અહિત કરવું એ માનવ-શરીરનો દુરુપયોગ છે અને પોતાના સ્વાર્થનો ત્યાગ કરીને બીજાઓનું હિત કરવું એ તેનો સદુપયોગ છે.

x x x

નાશવાનને મહત્ત્વ આપવું એ જ બંધન છે.

x x x

સંસારને પોતાનો ન માનો તો આ ક્ષણે જ મુક્તિ છે.

x x x

મળેલાને પોતાનું ન માનો તો મુક્તિ સ્વતઃસિદ્ધ છે.

x x x

અનુકૂળતા-પ્રતિકૂળતા જ સંસાર છે. અનુકૂળતા-પ્રતિકૂળતામાં ખુશ-નાખુશ થવાથી બંધાઈ જવાય છે અને ખુશ-નાખુશ ન થવાથી મુક્ત થઈ જવાય છે.

x x x

શરીર સંસારનો અંશ છે અને આપણે (સ્વયં) પરમાત્માના અંશ છીએ. તેથી શરીર સંસારને અર્પણ કરી દઈએ અર્થાત્ સંસારની સેવામાં લગાવી દેવું અને સ્વયંને પરમાત્માને અર્પણ કરી દઈએ. પછી આજે જ મુક્તિ છે.

x x x

મુક્તિની ઈચ્છા રહેવાથી શરીર રહે તેવી ઈચ્છા થતી નથી, જો થતી હોય તો મુક્તિની ઈચ્છા છે જ નહીં.

x x x

નિષ્કામભાવપૂર્વક (બીજાઓને માટે) કર્મ કરવાથી મુક્તિ થાય છે અને સકામભાવપૂર્વક (પોતાના માટે) કર્મ કરવાથી બંધન થાય છે. તેથી નિષ્કામભાવપૂર્વક પોતાનાં કર્તવ્યનું પાલન કરવું જોઈએ.

x x x

સંસાર-બંધનથી મુક્ત થવું હોય તો પ્રાપ્ત વસ્તુઓમાં મમતાનો અને અપ્રાપ્ત વસ્તુઓની કામનાનો ત્યાગ કરી દો.

x x x

ભગવાનની બનાવેલી સૃષ્ટિ ક્યારેય બાંધતી નથી, દુઃખ નથી આપતી, જીવની બનાવેલી સૃષ્ટિ (અહંતા-મમતા) જ બાંધે છે અને દુઃખ આપે છે.

x x x

જે નહીં કરવું જોઈએ. તેને કરવું અને જેને નહીં કરી શકીએ તેનું ચિંતન કરવું– આ બે ખાસ બંધન છે.

x x x

વસ્તુનું મળવું કે ના મળવું બંધનકારક નથી. પરંતુ વસ્તુથી માનેલો સંબંધ જ બંધનકારક છે.

x x x

સંસારને પોતાની સેવાને માટે માનવો એ બંધનનું કારણ છે અને પોતાને સંસારની સેવા માટે માનવું એ મુક્તિનું કારણ છે.

x x x

બંધન ક્રિયાથી થતું નથી, પરંતુ કામનાથી થાય છે.

x x x

અપ્રાપ્ત વસ્તુની ઈચ્છા અને પ્રાપ્ત વસ્તુની મમતા એ જ બંધન છે, પરતંત્રતા છે.

x x x

ભોગોની ઈચ્છાનો ત્યાગ કરવાને માટે મુક્તિની ઈચ્છા કરવી આવશ્યક છે. પરંતુ મુક્તિ મેળવવાને માટે મુક્તિની ઈચ્છા કરવી બાધક છે.

x x x

મનુષ્ય કર્મોથી બંધાતો નથી, પણ કર્મોમાં તે જે આસક્તિ અને સ્વાર્થ રાખે છે, તેનાથી જ બંધાય છે.

x x x


કોઈ પણ કર્મની સાથે સ્વાર્થનો સંબંધ જોડી લેવાથી તે કર્મ તુચ્છ અને બંધનકારક થઈ જાય છે.

x x x

આ સિદ્ધાંત છે કે જ્યાં સુધી મનુષ્ય પોતાને માટે કર્મ કરે છે, ત્યાં સુધી તેના કર્મની સમાપ્તિ થતી નથી અને તે કર્મોથી બંધાતો જ જાય છે.

x x x

જ્યાં સુધી પ્રકૃતિની સાથે સંબંધ છે, ત્યાં સુધી કર્મ કરવું અથવા ન કરવું– એ બન્ને બંધનકારક 'કર્મ' છે.



બૂરાઈનો ત્યાગ

સાધકે કોઈને બૂરા ન સમજવા જોઈએ, કોઈની બૂરાઈ ન કરવી, કોઈનું બૂરું ન વિચારવું, કોઈનામાં બૂરાઈ ન જોવી, કોઈની બૂરાઈ ન સાંભળવી અને કોઈની બૂરાઈ ન કહેવી. આ છ વાતોનું દૃઢતાપૂર્વક પાલન કરવાથી સાધક બૂરાઈ-રહિત થઈ જશે.

x x x

કોઈ બૂરું કરે તો બદલામાં તેનું બૂરું ન ચાહીને એમ સમજજો કે આપણા જ દાંતોથી આપણી જીભ કપાઈ ગઈ !

x x x

ભલાઈ કરવાની એટલી આવશ્યકતા નથી, જેટલી બૂરાઈનો ત્યાગ કરવાની આવશ્યકતા છે. બૂરાઈનો ત્યાગ કરવાથી ભલાઈ આપોઆપ થશે, કરવી નહીં પડે.

x x x

જેને આપણે સારૂં સમજીએ છીએ, તેનું પૂરેપૂરું પાલન કરવાની જવાબદારી આપણા પર નથી. પરંતુ જેને આપણે બૂરું સમજીએ છીએ, તેનો ત્યાગ કરવાની જવાબદારી આપણા પર છે અને તેના ત્યાગનું બળ, યોગ્યતા, જ્ઞાન, સામર્થ્ય પણ ભગવાને આપણને આપેલાં છે.

x x x

વીરતા ભલાઈ કરવામાં નથી, પણ કોઈની પણ બૂરાઈ ન કરવામાં છે.

x x x

જે પોતાનું કલ્યાણ ચાહે છે, તેણે કોઈના પણ પ્રત્યે બૂરી ભાવના નહીં રાખવી જોઈએ.

x x x

બીજાઓ તરફ આપણી બૂરી ભાવના હોવાથી તેનું બૂરું થશે યા નહીં થાય– એ તો નિશ્ચિત નથી, પણ આપણું અંતઃકરણ તો મેલું થઈ જ જશે.

x x x

યાદ રાખો, કોઈનું પણ બૂરું કરશો તો તેનું બૂરું થવાનું જ હશે. પણ તમારું તો નવું પાપ થઈ જ જશે.

x x x

ભલાઈ કરવાથી મર્યાદિત ભલાઈ થાય છે, પણ બૂરાઈ છોડવાથી અસીમ ભલાઈ થાય છે.

x x x

ભલા બનવાને માટે આપણે કાંઈ કરવાની જરૂર નથી. માત્ર બધી રીતે બૂરાઈ છોડી દઈએ તો આપણે ભલા થઈ જઈશું.



ભક્ત

ભગવદ્-ભક્ત દ્વારા કર્મ થતાં નથી, પણ તેના દ્વારા પ્રતિક્ષણ પૂજા થાય છે, કારણ કે પ્રત્યેક કર્મમાં તેનો ભાવ પૂજાનો રહે છે.

x x x

જેનું મન ભગવાનમાં લાગેલું રહે છે, તેને સામાન્ય મનુષ્ય નહીં સમજવો જોઈએ, કારણ કે તે ભગવાનના દરબારનો પ્રતિનિધિ છે.

x x x

જેમ લોભી માણસની દૃષ્ટિ ધન પર જ રહે છે, તેમ ભક્તની દૃષ્ટિ ભગવાન પર જ રહેવી જોઈએ.

x x x

દેવતાઓ પોતાના ઉપાસકોને (તેમની ઉપાસના સાંગોપાંગ થવાથી) તેમના હિત-અહિતનો વિચાર કર્યા વિના તેમની ઈચ્છિત વસ્તુઓ આપી દે છે. પરંતુ પરમપિતા ભગવાન પોતાના ભક્તોને પોતાની ઈચ્છાથી તે જ વસ્તુઓ આપે છે જેમાં તેમનું પરમહિત હોય.

x x x

આપ ભગવાનના દાસ થઈ જાઓ, તો ભગવાન આપને માલિક બનાવી દેશે.

x x x

ભગવાનનો ભક્ત ગમે તેટલી નીચી જાતિનો કેમ ન હોય, તે ભક્તિહીન વિદ્વાન બ્રાહ્મણથી પણ શ્રેષ્ઠ છે.

x x x

ભગવાનના હૃદયમાં ભક્તનો જેટલો આદર હોય છે, તેટલો આદર કરવાવાળું સંસારમાં બીજું કોઈ નથી.

x x x

જે ભક્તને પોતાનામાં કાંઈ પણ વિશેષતા દેખાતી નથી, પોતાને કાંઈ વાતનું અભિમાન થતું નથી, તે ભક્તમાં ભગવાનની વિલક્ષણતા ઉતરી આવે છે.

x x x

શરણાગત ભક્તને ભજન કરવું પડતું નથી, પણ તેના દ્વારા આપોઆપ સ્વાભાવિક ભજન થાય છે.

x x x

ભક્ત ભગવાનને જે રૂપમાં જોવા ચાહે છે, ભગવાન તે ભાવને અનુસાર તેવા જ બની જાય છે.

x x x

ભગવદ્ભક્તને દેવતા કહેવો એ તેની નિંદા છે. કારણ કે તેનો દરજ્જો દેવતાઓથી પણ ઘણો ઊંચો હોય છે.

x x x


પ્રેમી ભક્ત ભગવાનના પ્રભાવથી આકર્ષાતા હોતા નથી, પણ ભગવાનના પોતાપણાથી આકર્ષાતા હોય છે.

x x x

પ્રેમીની વાત પ્રેમી જ સમજી શકે છે, જ્ઞાની નહીં. તો પછી અજ્ઞાની તો સમજી જ કેવી રીતે શકે !

x x x

ભક્તને ભગવાનની સેવામાં આનંદ આવે છે અને ભગવાનને ભક્તની સેવામાં આનંદ આવે છે.



ભગવાન

એક ભગવતતત્ત્વ અથવા પરમાત્મતત્ત્વ જ વાસ્તવિક તત્ત્વ છે. તેના સિવાય બધું અતત્ત્વ છે.

x x x

જ્યાં સુધી અંતઃકરણમાં સંસારનું મહત્ત્વ છે. ત્યાં સુધી ભગવાનનું મહત્ત્વ સમજમાં નહીં આવી શકે.

x x x

ભગવાનને મન, બુદ્ધિ, ઈન્દ્રિયોથી નહીં, પરંતુ સ્વયંથી જ જાણી શકાય છે.

x x x

આપણે જે વસ્તુને દૂરમાં દૂર માનીએ છીએ, શરીર તેનાથી પણ વધુ દૂર છે અને જે વસ્તુને નજીકમાં નજીક માનીએ છીએ, પરમાત્મા તેનાથી પણ વધુ નજીક છે.

x x x

ધન કરતાં વસ્તુ શ્રેષ્ઠ છે, વસ્તુ કરતાં મનુષ્ય શ્રેષ્ઠ છે, મનુષ્ય કરતાં વિવેક શ્રેષ્ઠ છે અને વિવેક કરતાં પણ સત્-તત્ત્વ (પરમાત્મા) શ્રેષ્ઠ છે. મનુષ્ય-જન્મ સત્-તત્ત્વને પ્રાપ્ત કરવાને માટે જ છે.

x x x

મળવાવાળી દરેક ચીજ અલગ થનારી હોય છે, પણ જે નિત્યપ્રાપ્ત પરમાત્મતત્ત્વ છે, તે કયારેય કોઈ પણ અવસ્થામાં અલગ થતું નથી, ભલે આપણને તેનો અનુભવ હોય કે ના હોય.

x x x

સંસાર અભાવરૂપ જ છે. ભાવરૂપે માત્ર એક અક્રિય-તત્ત્વ પરમાત્મા જ છે, જેની સત્તાથી અભાવરૂપ સંસાર પણ સત્તાવાન પ્રતીત થઈ રહ્યો છે.

x x x

આપણે 'છે' પણાં (સત્તા)ને પરમાત્માનું નહીં માનીને સંસારનું માની લઈએ છીએ– આ ભૂલ છે.

x x x

સંસારમાં કોઈ પણ (વ્યક્તિ) નોકરને પોતાનો માલિક બનાવતા નથી. પરંતુ ભગવાન-શરણાગત ભક્તને પોતાનો માલિક બનાવી લે છે. એવી ઉદારતા કેવળ પ્રભુમાં જ છે.

x x x

એક ભગવાન સિવાય કોઈપણ ચીજ છે જ નહીં, જે સદા આપણી સાથે રહે અને આપણે સદા તેની સાથે રહીએ.

x x x

પ્રતિક્ષણ બદલાનારા સંસાર પર વિશ્વાસ જ ભગવાન પર વિશ્વાસ થવા દેતો નથી.

x x x

જેમ સૂર્ય પ્રકટ થાય છે, પેદા થતો નથી, તે જ રીતે અવતાર સમયે ભગવાન પ્રકટ થાય છે, આપણી જેમ પેદા થતા નથી.

x x x

પરમાત્મા છે– એટલું માની લેવું પર્યાપ્ત છે. પરમાત્મા કેવા છે– એ જાણવાની જરૂર નથી.

x x x

ભગવાન સર્વસમર્થ હોવા છતાં પણ આપણાથી દૂર થવામાં અસમર્થ છે.

x x x

ભગવાન ક્યાં છે ? ભગવાન ત્યાં છે, જ્યાં 'ક્યાં-અહીં-ત્યાં' નથી અર્થાત્ દેશ, કાળ, વસ્તુ, વ્યક્તિ વગેરેથી સર્વથા અતીત છે.

x x x

ભગવાન સર્વ વ્યાપક છે, પણ ગ્રાહક જોઈએ. થાંભલાઓ કેટલાય છે પણ પ્રહલાદ જોઈએ.

x x x

ભગવાનનો કયાંય અભાવ નથી. કેવળ તેમને જોવાવાળાઓનો અભાવ છે.

x x x

જેની દૃષ્ટિ સંસાર પર રહે છે, તે કહે છે કે 'ભગવાન ક્યાં છે ?' અને જેની દૃષ્ટિ ભગવાન પર રહે છે તે કહે છે કે 'ભગવાન ક્યાં નથી ?'

x x x

જેમ સૂર્ય વાદળાંથી ઢંકાતો નથી, પણ આપણાં નેત્રો જ વાદળાંથી ઢંકાઈ જાય છે, તેવી જ રીતે પરમાત્મા ઢંકાઈ જતા નથી પણ આપણી બુદ્ધિ જ ઢંકાઈ જતી હોય છે.

x x x

ભગવાન જીવને પોતાનો દાસ (ગુલામ) બનાવવા ચાહતા નથી, પણ સખા (પોતાના સમાન) બનાવવા ચાહે છે.



ભગવત્કૃપા

જેમ ગાયનું દૂધ ગાયને માટે નથી પણ બીજાઓને માટે છે. તેમ જ ભગવાનની કૃપા ભગવાન માટે નથી પણ બીજાઓ (આપણા બધા) ને માટે જ છે.

x x x

જો ભગવાનની દયા ચાહતા હો તો પોતાનાથી નાનાઓ પર દયા કરો, ત્યારે ભગવાન દયા કરશે. દયા ચાહો છો, પણ કરતા નથી– આ અન્યાય છે, પોતાના જ્ઞાનનો તિરસ્કાર છે.

x x x


જે ગીતા અર્જુનને પણ બીજી વાર સાંભળવા નહીં મળી, તે આપણને વાંચવા-સાંભળવા મળી રહી છે–આ ભગવાનની કેટલી વિલક્ષણ કૃપા છે !

x x x

આજ સુધીમાં જેટલા પણ મહાત્મા થયા છે– તે ભગવત્કૃપાથી જ જીવનમુક્ત, તત્ત્વજ્ઞ તથા ભગવત્પ્રેમી થયા છે, પોતાના ઉદ્યમથી નહીં.

x x x

સ્વતઃસિદ્ધ પરમપદની પ્રાપ્તિ પોતાનાં કર્મોથી, પોતાના પુરુષાર્થથી અથવા પોતાના સાધનથી થતી નથી. આ તો કેવળ ભગવત્કૃપાથી જ થાય છે.



ભગવત્પ્રાપ્તિ

સાચા હૃદયથી ભગવાનને ચાહવાવાળો મનુષ્ય કોઈ પણ વર્ણ, આશ્રમ, સંપ્રદાય, પરિસ્થિતિ વગેરેનો કેમ ન હોય અને કેટલોય પાપી, દુરાચારી કેમ ન હોય તે ભગવત્પ્રાપ્તિનો પૂર્ણ અધિકારી છે.

x x x

સાધક સંસારમાં કદી આશા ન રાખે, કારણ કે તે સદા રહેતો નથી અને પરમાત્માથી કદી નિરાશ ન થાય, કારણ કે તેમનો કદી અભાવ થતો નથી.

x x x

ભગવાનની બાબતમાં અસંતોષ રાખવો અને સંસારની બાબતમાં સંતોષ રાખવો ભારે હાનિકારક છે.

x x x

જેમ માછલી પાણી વિના વ્યાકુળ થઈ જાય છે, તેમ આપણે ભગવાનના વિના વ્યાકુળ થઈ જઈએ તો ભગવાનને મળતાં વાર નહીં લાગે.

x x x

ભગવાનની પ્રાપ્તિ થયા પછી કાંઈ પણ કરવાનું, જાણવાનું અને મેળવવાનું બાકી રહેતું નથી. આમાં મનુષ્યજીવનની પૂર્ણતા, સફળતા છે.

x x x

સાધકે વિચાર કરવો જોઈએ કે ભગવાન સર્વત્ર છે તેથી અહીં પણ છે, બધા સમયે છે, તેથી હમણાં પણ છે, બધામાં છે, તેથી પોતાનામાં પણ છે, બધાના છે, તેથી મારા પણ છે.

x x x

ભગવત્પ્રાપ્તિમાં વ્યાકુળતાથી જેટલો જલદી લાભ થાય છે, તેટલો લાભ વિચારપૂર્વક કરવામાં આવેલી સાધનાથી થતો નથી.

x x x

સ્વયંમાં તીવ્ર ઉત્કંઠા ન હોવાને કારણે જ ભગવત્પ્રાપ્તિમાં વાર થઈ રહી છે.

x x x

રમતમાં છુપાયેલા બાળકને બીજું બાળક જોઈ લે તો તે સામે આવી જાય છે કે હવે તો તેણે મને જોઈ લીધો હવે શું છુપાવાનું ? આવી રીતે ભગવાન પણ બધે છુપાયેલા છે. જો સાધક બધે ભગવાનને જુએ તો પછી ભગવાન તેનાથી છુપા રહેશે નહીં, સામે આવી જશે !

x x x

બધી બાજુએથી વિમુખ થવાથી સાધક પોતાનામાં જ પોતાના પ્રિયતમ ભગવાનને મેળવી લે છે.

x x x

ભગવત્પ્રાપ્તિનો સરળ ઉપાય ક્રિયા નથી. પણ લગની છે.

x x x

પોતાની પ્રાપ્તિને માટે ભગવાને જો મનુષ્ય-શરીર આપ્યું છે તો તેને માટે પૂરી યોગ્યતા અને સામગ્રી પણ સાથે આપી જ છે. એટલી યોગ્યતા અને સામગ્રી આપી છે કે મનુષ્ય પોતાના જીવનમાં કેટલીય વાર ભગવત્પ્રાપ્તિ કરી શકે !

x x x

તીવ્ર અભિલાષાની ખામીથી જ પરમાત્માની પ્રાપ્તિમાં વાર લાગે છે, મહેનતની ખામીથી નહીં.

x x x

પરમાત્માની સાથે દરેક વર્ણ, આશ્રમ, જાતિ, સંપ્રદાય વગેરેનો સમાન રૂપથી સંબંધ છે. તેથી જે જ્યાં છે ત્યાં પરમાત્માને મેળવી શકે છે.

x x x

અસત્‌નો આશ્રય લઈને અસત્ દ્વારા સત્‌ને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરવો એ મહાન ભૂલ છે.

x x x

જેના માટે મનુષ્ય–શરીર મળ્યું છે. તેની પ્રાપ્તિ કઠણ છે તો સરળ શું છે ?

x x x

ભગવાનનાં દર્શનને માટે શું કરીએ ? ભગવાનના નામનો જપ કરીએ અને ભગવાનને પ્રાર્થના કરીએ કે 'હે નાથ ! હું આપને ભૂલું નહીં' તો આનાથી ભગવાનમાં પ્રેમ થઈ જશે અને પ્રેમ થવાથી ભગવાન પ્રગટ થઈ જશે.

x x x

જ્યાં સુધી પોતાને માટે કાંઈ પણ 'કરવાની' અને 'મેળવવાની' ઇચ્છા રહે છે, ત્યાં સુધી નિત્યપ્રાપ્ત પરમાત્માનો અનુભવ થઈ શકતો નથી.

x x x

ભગવત્પ્રાપ્તિ કેવળ તીવ્ર અભિલાષાથી મળે છે. તીવ્ર અભિલાષા જાગ્રત ન થવામાં મુખ્ય કારણ સાંસારિક ભોગોની કામના જ છે.

x x x

સત્યુગ વગેરેમાં મોટામોટા ઋષિઓને જે ભગવાન પ્રાપ્ત થયા હતા. તે જ આજે કળિયુગમાં પણ બધાને પ્રાપ્ત થઈ શકે છે.

x x x

ભોગોની પ્રાપ્તિ સદાને માટે હોતી નથી અને બધાને માટે હોતી નથી. પરંતુ ભગવાનની પ્રાપ્તિ સદાને માટે હોય છે અને બધાને માટે હોય છે.

x x x

પરમાત્માની પ્રાપ્તિમાં ભાવની પ્રધાનતા છે, ક્રિયાની નહીં.

x x x

ભગવાન હઠથી મળતા નથી, પણ સાચી લગનીથી મળે છે.

x x x

પરમાત્માની પ્રાપ્તિમાં મનુષ્યના પારમાર્થિક ભાવ, આચરણ વગેરેની મુખ્યતા છે, જાતિ યા વર્ણની પ્રમુખતા નથી.

x x x

પરમાત્મપ્રાપ્તિમાં વિવેક, ભાવ અને વૈરાગ્ય (રાગનો ત્યાગ) જેટલો કિંમતી છે, તેટલી ક્રિયા કિંમતી નથી.

x x x

જ્યારે પ્રત્યેક ક્રિયાનો આદિ-અંત હોય છે તો પછી તેનું ફળ અનંત કેવી રીતે હોય ? તેથી અનંત તત્ત્વ (પરમાત્મા) ક્રિયાસાધ્ય નથી.

x x x

પરમાત્મપ્રાપ્તિની તીવ્ર અભિલાષા થવાથી એક વિરહાગ્નિ ઉત્પન્ન થાય છે, જે અનંત જન્મોનાં પાપોનો નાશ કરીને પરમાત્મપ્રાપ્તિ કરાવી દે છે.

x x x

પરમાત્મપ્રાપ્તિની તીવ્ર અભિલાષા ન થવાનું ખાસ કારણ છે-સાંસારિક સુખની ઇચ્છા. આશા અને ભોગ.

x x x

કોઈ ચીજ સમાનરૂપે સૌને મળી શકે એવી છે તો તે પરમાત્મા જ છે. પરમાત્મા સિવાય કોઈ પણ ચીજ સમાનરૂપે સૌને મળી શકતી નથી.

x x x

આપણે પરમાત્મા સિવાય બીજું કાંઈ પણ પ્રાપ્ત કરી શકતા નથી. જે પ્રાપ્ત કરીશું. તે બધું 'નથી'માં ચાલ્યું જશે.

x x x

પરમાત્મતત્ત્વનો અનુભવ ત્યારે થશે, જ્યારે **'વિષયભોગ નિદ્રા હઁસી જગતપ્રીત બહુ બાત'** –આ પાંચેય ગમશે નહીં.

x x x

સાધકને પરમાત્મપ્રાપ્તિની વાર લાગવાનું કારણ આ જ છે કે તે ભગવાનના વિયોગને સહન કરી રહ્યો છે. જો તેને ભગવાનનો વિયોગ અસહ્ય થઇ જાય તો ભગવાનને મળવામાં વાર લાગતી નથી.

x x x

જ્યાં સુધી અસત્‌ની કામના, આશ્રય, ભરોંસો છે, ત્યાં સુધી સત્‌નો અનુભવ થઈ શકતો નથી.

x x x

પરમાત્મપ્રાપ્તિ વાસ્તવમાં સુગમ છે પણ લગની ન હોવાને કારણે કઠણ છે.

x x x

ભગવાન ક્રિયાગ્રાહી નથી, પરંતુ ભાવગ્રાહી છે–**'ભાવગ્રાહી જનાર્દનઃ'**. તેથી ભગવાન ભાવ (અનન્યભક્તિ)થી જ દર્શન આપે છે, ક્રિયાથી નહીં.

x x x

અનિત્ય વસ્તુથી સંબંધ-વિચ્છેદ થવાથી નિત્ય-તત્ત્વ આપોઆપ અનુભવમાં આવી જાય છે.

X X X

મનુષ્યમાત્ર ભગવત્પ્રાપ્તિનો અધિકારી છે અને તે પ્રત્યેક પરિસ્થિતિમાં ભગવાનને પ્રાપ્ત કરી શકે છે.

X X X

પરમાત્માની પ્રાપ્તિમાં વાર લાગતી નથી. વાર લાગે છે– સંબંધજન્ય સુખની ઈચ્છાનો ત્યાગ કરવામાં.

X X X

કેવળ ભગવાનની ઈચ્છા હોય તો ભગવાન પ્રગટ થઈ જશે અથવા કોઈ પણ ઈચ્છા ન હોય તો ભગવાન પ્રગટ થઈ જશે. અધૂરાપણું નહીં હોવું જોઈએ.

X X X

સત્‌ને ભલે જાણો કે ન જાણો, પણ જેને અસત્ જાણો છો, તેનો ત્યાગ કરી દો તો સત્‌ની પ્રાપ્તિ થઈ જશે.

X X X

પરમાત્મપ્રાપ્તિમાં મનુષ્ય જેટલો સ્વતંત્ર છે, તેટલો બીજા કોઈ કાર્યમાં સ્વતંત્ર નથી.

X X X

પરમાત્મપ્રાપ્તિને માટે ઉપાયોની એટલી જરૂર નથી, જેટલી ભીતરની લગનીની જરૂર છે.

X X X

ભગવાન બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર, બ્રહ્મચારી, ગૃહસ્થ, વાનપ્રસ્થ, સંન્યાસી વગેરેને મળતા નથી, પણ 'ભક્ત'ને મળે છે.

X X X

ધનની પ્રાપ્તિમાં ક્રિયાની પ્રધાનતા છે, પણ પરમાત્માની પ્રાપ્તિમાં લાલસાની પ્રધાનતા છે.

X X X

ભગવત્પ્રાપ્તિ કર્મોનું ફળ નથી, પરંતુ કૃપાનું ફળ છે. પરંતુ ચાહના પોતાની હોવી જોઈએ.

x x x

સંસાર અધૂરો છે, તેથી અધૂરો જ મળે છે અને પરમાત્મા પૂર્ણ છે, તેથી પૂરા જ મળે છે.

x x x

જેણે ભગવાનને પ્રાપ્ત કર્યા નથી, તેણે કાંઈ કર્યું નથી, કાંઈ કર્યું નથી, કાંઈ કર્યું નથી !

x x x

ભગવત્પ્રાપ્તિમાં સૌથી મોટી બાધા છે– ભોગ અને સંગ્રહની રૂચિ. બીજાઓના સુખે સુખી થવાથી 'ભોગ'ની રૂચિ અને બીજાઓના દુઃખે દુઃખી થવાથી 'સંગ્રહ'ની રૂચિ મટી જાય છે.

x x x

જે નિરંતર બદલાઈ રહ્યો છે, તેવા સંસાર પર વિશ્વાસ કરવો, તેને સાચો માનવો એ જ ભગવત્પ્રાપ્તિમાં મુખ્ય અડચણ છે.

x x x

સંયોગજન્ય સુખની લોલુપતા જ નિત્યપ્રાપ્ત ભગવાનના અનુભવમાં મુખ્ય અડચણ છે.

x x x

ભગવત્પ્રાપ્તિમાં આડ વસ્તુઓએ નહીં, પણ વસ્તુઓના મહત્ત્વએ લગાવી છે.

x x x

પોતાને માટે કર્મ કરવાથી અને જડતા (શરીર આદિ)ની સાથે પોતાનો સંબંધ માનવાથી સર્વવ્યાપી પરમાત્માની પ્રાપ્તિમાં અડચણ આવી જાય છે.

x x x

પરમાત્મા બધા દેશ, કાળ વગેરેમાં પરિપૂર્ણ છે. સંસારની સત્યતા માનવાથી જ મનુષ્ય પરમાત્માથી દૂરપણાનો અનુભવ કરે છે.

x x x

કોઈ પણ પરિસ્થિતિ પરમાત્માની પ્રાપ્તિનું કારણ નથી અને કોઈ પણ પરિસ્થિતિ પરમાત્માની પ્રાપ્તિમાં બાધક નથી; કારણ કે પરમાત્મા તમામ પરિસ્થિતિઓથી અતીત છે.

x x x

પરમાત્મા દૂર નથી, કેવળ તેમને મેળવવાની લગનીની ખોટ છે.

x x x

સંસાર છે, હમણાં છે અને પોતાનો છે—એવું માનવાથી જ પરમાત્મા છે, હમણાં છે અને પોતાના છે—આનો અનુભવ થતો નથી.

x x x


સાધક 'પરમાત્મા છે' એમ તો માની લે છે, પણ 'સંસાર નથી' એમ માનતો નથી, તેથી પરમાત્મપ્રાપ્તિમાં અડચણ રહે છે.

x x x

કોઈ એક માર્ગનો આગ્રહ રાખવાથી તથા બીજા માર્ગોનો વિરોધ કરવાથી પૂર્ણતાની પ્રાપ્તિમાં મોટી અડચણ લાગે છે.

x x x

આપણા હૃદયમાં પરમાત્મા સિવાય બીજાની અગત્યતા છે—એ જ પરમાત્મપ્રાપ્તિમાં અડચણ છે.



ભગવાનથી વિમુખતા

ભગવાનથી વિમુખ થવાથી જ મનુષ્યને કરવાની, જાણવાની, મેળવવાની ખામીનો અનુભવ થાય છે.

x x x

પરમાત્મતત્ત્વથી વિમુખ થયા વિના કોઈ સાંસારિક ભોગ ભોગવી શકાતો નથી અને રાગપૂર્વક સાંસારિક ભોગ ભોગવવાથી મનુષ્ય પરમાત્માથી વિમુખ થઈ જાય છે.

x x x


ભગવાનથી વિમુખ થતાં જ જીવ અનાથ થઈ જાય છે.

x x x

જે જગતને નથી જાણતા, તે જ જગતમાં ફસાય છે અને જે પરમાત્માને નથી જાણતા, તે જ પરમાત્માથી વિમુખ થાય છે.

x x x

સંસારથી કાંઈ લેવાની ઈચ્છા કરતાં જ આપણે ભગવાનથી વિમુખ થઈ જઈએ છીએ.



ભગવાન સાથેનો સંબંધ (પોતાપણું)

મનુષ્ય સાંસારિક વસ્તુ-વ્યક્તિ વગેરે સાથે જેટલો પોતાનો સંબંધ માને છે, તેટલો જ તે પરાધીન થઈ જાય છે. જો તે કેવળ ભગવાન સાથે જ પોતાનો સંબંધ માને તો સદાને માટે સ્વાધીન થઈ જાય છે.

x x x

સાધક પોતાને ભગવાનનો સમજીને સંસારનું કામ કરે તો સંસારનું કામ પણ ઠીક થશે અને ભગવાનનું પણ. પરંતુ પોતાને સંસારનો

x x x

માનીને સંસારનું કામ કરે તો સંસારનું કામ પણ ઠીક નહીં થાય અને ભગવાનનું કામ (ભજન) તો થશે જ નહીં !

x x x

પ્રભુ આપણા છે. પણ આપણા માટે નથી. પરંતુ આપણે પ્રભુને માટે છીએ. તાત્પર્ય એ છે કે આપણે પ્રભુ પાસેથી કાંઈ લેવું નથી. પરંતુ આપણે આપણી જાતને તેમને આપી દેવાની છે અને વિપરીતમાં વિપરીત પરિસ્થિતિ આવવા છતાં પણ તેને પ્રભુએ મોકલેલો પ્રસાદ સમજીને પ્રસન્ન રહેવાનું છે.

x x x

સદુપયોગ કરવાને માટે જ વસ્તુઓ આપણી છે, અને પોતાની જાતને ભગવાનને આપવા માટે જ ભગવાન આપણા છે. તેથી વસ્તુઓને સંસારમાં લગાવી દો અને પોતાને ભગવાનમાં લગાવી દો.

x x x

પતિ મરી શકે છે. સ્ત્રીને છોડી પણ શકે છે, તોપણ નવા ઘરે જતી વખતે કન્યાને ચિંતા થતી નથી. પરંતુ ભગવાન તો કદી મરતા નથી અને ક્યારેય છોડતા જ નથી, પછી ભગવાનની સાથે સંબંધ જોડવામાં કઈ વાતની ચિંતા ? ભગવાનને (આપણને) પકડવાનું તો આવડે છે, પણ છોડવાનું આવડતું નથી !

x x x

'હું ભગવાનનો છું અને ભગવાન મારા છે' આ પોતાપણા સમાન કોઈ પણ યોગ્યતા, પાત્રતા, અધિકાર વગેરે નથી.

x x x

ભક્તએ પોતાની યોગ્યતા વગેરે તરફ ન જોતાં કેવળ ભગવાનના પોતાપણા તરફ જ જોતાં રહેવું જોઈએ.

x x x

ભગવાનમાં પોતાનાપણું એ સૌથી સુગમ અને શ્રેષ્ઠ સાધન છે.

x x x

ભગવાન સિવાય કોઈ મારું નથી– આ સાચી ભક્તિ છે.

x x x

ભગવાન સર્વસમર્થ હોવા છતાં પણ આપણાથી દૂર થવા અસમર્થ છે.

x x x

ભગવાન આપણા છે, પણ મળેલી વસ્તુ આપણી નથી, પરંતુ ભગવાનની છે.

x x x

મનુષ્ય પદાર્થો અને ક્રિયાઓને પોતાની માને તેથી પૂરેપૂરો પરતંત્ર થઈ જાય છે અને ભગવાનને પોતાના માને તથા તેમને અનન્ય ભાવે શરણે થાય તો સર્વથા સ્વતંત્ર થઈ જાય છે.

x x x

ભગવાનની સાથે આપણો સંબંધ સ્વતઃ સ્વાભાવિક છે. આ સંબંધને માટે કોઈ બળ, યોગ્યતા, કે બીજાની સહાયતા વગેરેની જરૂર નથી.

x x x

હમણાં જેમ સંસારનો સંબંધ માન્યો છે કે તે પ્રાપ્ત છે, નજીક છે, તેમ જ પરમાત્માનો સંબંધ માની લઈએ અને પરમાત્માનો સંબંધ માન્યો છે કે તે અપ્રાપ્ત છે, દૂર છે, તેવી જ રીતે સંસારનો સંબંધ માની લઈએ.

x x x

સંસારને પોતાનો ન સમજીએ અને સેવા કરીએ. ભગવાનને પોતાના સમજીએ અને યાદ કરીએ.

x x x

એવું માની લો કે હું ભગવાનનો છું. જો 'હું સંસારનો છું' એવું માનશો તો સંસારનું કામ તો દૂર રહ્યું. ભગવાનનું ભજન કરવા છતાં પણ ભગવાનને ભૂલી જશો.

x x x

આપ ગમે તેવા ભલેને હો. અત્યારે આ ક્ષણે માની લો કે 'હું ભગવાનનો છું.'

x x x

ભગવાનનું ધ્યાન કરવાની અપેક્ષાએ તેમનામાં પોતાપણું માનવું શ્રેષ્ઠ છે. પોતાપણું થવાથી ધ્યાન આપોઆપ થાય છે. આપોઆપ થવાવાળી સાધના શ્રેષ્ઠ હોય છે.

x x x

ભગવાનને પોતાપણું જેટલું પ્રિય છે. તેટલા ત્યાગ. તપસ્યા વગેરે પ્રિય નથી.



મન

મનને ભગવાનમાં લગાડવાનું એટલું જરૂરી નથી. જેટલું જરૂરી ભગવાનમાં પોતે લાગવાનું છે. પોતે ભગવાનમાં લાગી જઈએ તો મન આપોઆપ ભગવાનમાં લાગી જશે.

x x x

મનની એકાગ્રતા યોગ-માર્ગમાં જેટલી આવશ્યક છે. તેટલી ભક્તિમાં નથી. ભક્તિમાં તો ભગવાનના સંબંધની દૃઢતા હોવી જોઈએ.

x x x

શાન્તિ ત્યાગથી મળે છે. મનની એકાગ્રતાથી નહીં.

x x x

મનને સ્થિર કરવાનું મૂલ્યવાન નથી. પરંતુ સ્વરૂપની સ્વતઃસિદ્ધ નિરપેક્ષ સ્થિરતાનો અનુભવ કરવો મૂલ્યવાન છે.

x x x

મનને સંસારમાં જે રાગ છે, તે મટાડવાની જેટલી જરૂર છે. તેટલી મનની ચંચળતાને મટાડવાની જરૂર નથી.

x x x

જ્યાં સુધી મનને સંસારથી હટાવીને પરમાત્મામાં લગાડવાની વૃત્તિ રહેશે. ત્યાં સુધી મનનો સર્વથા નિરોધ થઈ શકશે નહીં. મનનો સર્વથા નિરોધ ત્યારે થશે, જયારે એક પરમાત્મા સિવાય અન્ય સત્તાની માન્યતા નહીં રહે.



મનુષ્ય

સુખ ભોગવવાને માટે સ્વર્ગ છે. દુઃખ ભોગવવાને માટે નરક છે અને સુખ-દુઃખ બન્નેથી ઊંચા ઊઠીને પોતાનું કલ્યાણ કરવાને માટે મનુષ્ય–શરીર છે.

X X X

વાસ્તવમાં મનુષ્ય-જન્મ જ બધાં જન્મોનો આદિ તથા અંતિમ જન્મ છે. જો મનુષ્ય પરમાત્મપ્રાપ્તિ કરી લે તો અંતિમ જન્મ પણ આ છે અને પરમાત્મપ્રાપ્તિ ન કરે તો અનંત જન્મોનો આદિ જન્મ પણ આ છે.

X X X

પોતાનો ઉદ્ધાર કરવો અને પરમાત્મતત્ત્વને પ્રાપ્ત કરવું એ મનુષ્યમાત્રનો સ્વધર્મ છે. કારણ કે મનુષ્ય-શરીર કેવળ પરમાત્મપ્રાપ્તિ માટે જ મળ્યું છે.

X X X

શરીર સાથે પોતાનો સંબંધ માનીને ભોગ અને સંગ્રહમાં લાગવું એ મનુષ્યમાત્રનો પરધર્મ છે.

X X X

આકૃતિમાત્રથી કોઈ મનુષ્ય થતો નથી. મનુષ્ય તે છે. જે પોતાના વિવેકને મહત્ત્વ આપે છે.

X X X

મનુષ્યમાં અગર મનુષ્યતા નથી તો મનુષ્ય પશુથી પણ નીચો છે. કારણ કે પશુ તો પોતાનાં પૂર્વકૃત પાપકર્મોનું ફળ ભોગવીને મનુષ્યતાની તૈયારી કરી રહ્યાં છે. પણ મનુષ્ય નવાં પાપ-કર્મ કરીને નરકોની, પશુતાની તૈયારી કરી રહ્યો છે.

X X X

જે પ્રકારે આકાશમાં વૃક્ષ કેટલુંય ઊંચું ઊઠે તેની કોઈ સીમા નથી, તે પ્રકારે મનુષ્યની ઉન્નતિની પણ કોઈ સીમા નથી.

X X X

ઊંચામાં ઊંચી જીવન્મુક્ત અવસ્થા મનુષ્યમાત્રમાં સ્વાભાવિક છે.

x x x

શરીરનો સદુપયોગ કેવળ સંસારની સેવામાં જ છે.

x x x

ભગવાનને યાદ રાખવા અને સેવા કરવી– આ બે વાતોથી જ મનુષ્યતા સિદ્ધ થાય છે.

x x x

મનુષ્ય–શરીર મળી ગયું, પણ પરમાત્માની પ્રાપ્તિ થઈ નહીં, તો આ બહુ મોટા શોકની, દુઃખની વાત છે.

x x x

મનુષ્ય-શરીર કેવળ સાંભળવા-શીખવા માટે નથી, પણ તત્ત્વનો અનુભવ કરવાને માટે છે. સાંભળવું-શીખવાનું તો પશુ-પક્ષીઓમાં પણ હોય છે, જેથી તેઓ સર્કસમાં કામ કરે છે.

x x x

જે બીજાઓની સેવા કરતો નથી અને ભગવાનને યાદ કરતો નથી તે મનુષ્ય કહેવાને અધિકારી નથી.

x x x

કોઈ પણ સુખભોગની શરૂઆતને જોવી પશુતા છે, તેના પરિણામને જોવું એ મનુષ્યતા છે.

x x x


સૃષ્ટિની રચના જ એ રીતે થઈ છે કે મનુષ્યનું જીવન બીજાઓને માટે છે, પોતાને માટે નહીં.

x x x

પરમાત્માની પ્રાપ્તિ સિવાય મનુષ્ય–શરીર કોઈ કામનું નથી.

x x x

પરમાત્માની પ્રાપ્તિ તરફ જેમની રુચિ થઈ ગઈ છે, તેઓ જ ભાગ્યશાળી છે, તેઓ જ શ્રેષ્ઠ છે અને તેઓ મનુષ્ય કહેવડાવવાને લાયક છે.



મમતા

જ્યાં સુધી મનુષ્યની સ્ત્રી, પુત્ર વગેરેમાં મમતા રહેશે, ત્યાં સુધી તેના દ્વારા સ્ત્રી, પુત્ર વગેરેનો સુધારો થવો અસંભવ છે; કારણ કે મમતા જ મૂળ અશુદ્ધિ છે.

x x x

મનુષ્ય પોતાની પાસે મમતાપૂર્વક જેટલી સામગ્રી રાખે છે, તેટલો જ અસત્‌નો સંગ છે. જેટલો અસત્‌નો સંગ હોય છે, તેટલું જ મનુષ્યનું પતન થાય છે.

x x x

જે જે વસ્તુઓને આપણી પોતાની માનીએ છીએ, તે તે વસ્તુઓથી આપણે પરાધીન થઈ જઈએ છીએ. પરાધીન વ્યક્તિને સ્વપ્નમાં પણ સુખ નહીં મળે– **'પરાધીન સપનેહુ સુખુ નાહીં'.**

x x x

સંસારમાત્ર પરમાત્માનો છે, પણ જીવ ભૂલથી પરમાત્માની વસ્તુને પોતાની માની લે છે અને તેથી બંધનમાં પડી જાય છે.

x x x

શરીર, ઈન્દ્રિયો વગેરે કદી કહેતાં નથી કે અમે તમારાં છીએ અને તમે અમારા છો, આપણે જ તેમને આપણાં માની લઈએ છીએ. તેમને આપણાં માનવાં એ જ અશુદ્ધિ છે– **'મમતા મલ જરિ જાઇ.'**

x x x

શરીરને હું– મારું માનવાથી જાત-જાતનાં અને અનંત દુઃખો આવે છે.

x x x

આપણે ઘરમાં રહેવાથી ફસાતા નથી, પણ ઘરને આપણું માનવાથી ફસાઈએ છીએ.

x x x

મનુષ્ય સંસારમાં જેટલી ચીજોને પોતાની અને પોતાને માટે માને છે, તેટલો જ તે ફસાય છે.

x x x

મનુષ્ય સંસારમાં જેટલી વસ્તુઓને પોતાની માને છે, તેટલો જ તે પરાધીન થઈ જાય છે. પરંતુ પરમાત્માને પોતાના માનવાથી તે સ્વાધીન થઈ જાય છે.

x x x

શરીર વગેરેને 'પોતાનાં' અને 'પોતાને માટે' માનવામાં ઘણી મોટી ભૂલ છે. આ ભૂલને મટાડી દઈએ તો કલ્યાણ થવામાં કોઈ શંકા નથી.

x x x

જેની સાથે આપણે સદા ન રહી શકીએ અને જે આપણી સાથે સદા નહીં રહી શકે તેને આપણાં માનવાને પરિણામે રડવા સિવાય કાંઈ નહીં મળે. તેથી તેને આપણાં નહીં માનીને તેની સેવા કરીએ.

x x x

મળેલી વસ્તુને પોતાની માનવાવાળા નથી સંસારને કામના, કે નથી પોતાને કામના છે અને નથી ભગવાનને કામના.

x x x

મમતારહિત પુરુષ દુનિયાનું જેટલું ભલું કરી શકે છે, તેટલું મમતાવાળો કરી શકતો નથી.

x x x

ન તો કોઈ વસ્તુને પોતાની અને પોતાને માટે માનવી જોઈએ તથા ન કોઈ વસ્તુની કામના કરવી જોઈએ, કારણ કે વસ્તુને પોતાની માનવાથી અશુદ્ધિ આવે છે અને કામના કરવાથી અશાંતિ આવે છે.

x x x

સંસાર પ્રતિક્ષણ જઈ રહ્યો છે જવાવાળા પ્રત્યે મમતા રાખશો તો રડવું જ પડશે, પણ રહેવાવાળા ભગવાન સાથે આત્મીયતા સેવશો તો સદાને માટે ન્યાલ થઈ જશો.

x x x

મારી કહેવડાવવાળી કોઈ પણ વસ્તુ સદા આપણી સાથે રહી શકતી નથી, પછી તેની મમતાના ત્યાગમાં શું મુશ્કેલી ?

x x x


શરીરને પોતાનું માનવું એ માત્ર દુઃખ પામવા માટે છે અને સંસારનું માનવું એ મુક્તિ પામવા માટે છે.

x x x

જે વસ્તુ આપણાથી અલગ હોય છે, તે આપણી હોતી નથી. અલગ તે જ વસ્તુ હોય છે, જે વાસ્તવમાં આપણાથી અલગ છે.

x x x

શરીરને પોતાનું માનવું એ અસત્‌નો સંગ છે અને શરીરને પોતાનું ન માનવું એ સત્‌નો સંગ છે.



મૃત્યુ અને અમરતા

શરીર-સંસારના સંબંધથી મૃત્યુનો અને ભગવાનના સંબંધથી અમરતાનો અનુભવ થાય છે.

x x x

પોતાને માટે કર્મ કરવાથી પહેલાં કર્મની સાથે અને પછી ફળની સાથે સંબંધ જોડાય છે. કર્મ અને ફળ બન્ને ઉત્પન્ન થઈને નષ્ટ થઈ જાય છે, પણ અંતઃકરણમાં જે આસક્તિ રહી જાય છે, તે વારંવાર જન્મ-મરણ આપે છે.

x x x

શરીરને 'હું' અને 'મારું' માનવું પ્રમાદ છે, પ્રમાદ જ મૃત્યુ છે.

x x x

કોઈ પણ કાર્યનું થવું કે ન થવું અનિશ્ચિત છે, પણ મરવું બિલકુલ નિશ્ચિત છે.

x x x

જેમ શરીરને માટે મૃત્યુ સુલભ છે, તેમ જ પોતાને માટે અમરતા સુલભ છે.



યોગ અને ભોગ

સુખદાયી પરિસ્થિતિ આવવાથી સુખી તથા દુઃખદાયી પરિસ્થિતિ આવવાથી દુઃખી થવાવાળો મનુષ્ય ભોગી છે. યોગી નથી. યોગી સુખ અને દુઃખ બન્નેમાં સમાન રહે છે.

x x x

ભોગી વ્યક્તિ રોગી હોય છે. દુઃખી હોય છે અને દુર્ગતિમાં જાય છે.

x x x

પોતાનાં સુખથી સુખી થનાર કોઈ પણ મનુષ્ય યોગી નથી હોતો.

x x x

ભોગી યોગી નથી હોતો. પરંતુ રોગી હોય છે–'**ભોગે રોગભયમ્**'.

x x x

ભોગ બે વસ્તુઓ વગેરેના સંયોગથી થાય છે અને યોગ (પરમાત્માથી નિત્ય-સંબંધ) એકલો સ્વતઃસિદ્ધ થાય છે. જ્યાં સુધી ભોગ છે, ત્યાં સુધી યોગનો અનુભવ થતો નથી. ભોગનો સર્વથા ત્યાગ થવાથી જ યોગનો અનુભવ થાય છે અને યોગનો અનુભવ થવાથી ભોગની ઈચ્છા સર્વથા મટી જાય છે.

x x x

પરમાત્માના સંગથી યોગ અને સંસારના સંગથી ભોગ થાય છે.

x x x

એકાંતનું સુખ લેવું, મન લાગવાનું સુખ લેવું ભોગ છે, યોગ નથી.

x x x

સંસાર સાથે સંબંધ જોડવાનું નામ 'ભોગ' છે અને સંબંધ તોડવાનું નામ 'યોગ' છે.

x x x

કોઈપણ અવસ્થામાં રાજી થવું એ ભોગ છે ભોગથી વ્યક્તિત્વ મટતું નથી. તેથી સાધકે કોઈપણ અવસ્થામાં રાજી નહીં થવું જોઈએ.

x x x

સંસારનો વિયોગ પણ સ્વતઃસિદ્ધ છે અને પરમાત્માનો યોગ પણ સ્વતઃસિદ્ધ છે.

x x x

જેનો સ્વતઃ વિયોગ થઈ રહ્યો છે તેના સંયોગની ઈચ્છાનો ત્યાગ કરી દઈએ– આનું નામ 'યોગ' છે.

x x x

જે ક્યારેક યોગી અને ક્યારેક ભોગી હોય છે, તે વાસ્તવમાં ભોગી જ હોય છે.

x x x


યોગી દ્વારા બધાંને સુખ મળે છે અને ભોગી દ્વારા બધાંને દુઃખ મળે છે.

x x x

મને મળી જાય– આ ભોગ છે અને બીજાઓને મળી જાય– આ યોગ છે.

x x x

પોતાની સુખ-સુવિધા જોવાવાળા ભોગી હોય છે. યોગી હોતા નથી.



રાગ અને દ્વેષ

રાગ-દ્વેષ અંતઃકરણના આગંતુક વિકાર છે, ધર્મ નહીં. ધર્મ સ્થાયી રહે છે અને વિકાર અસ્થાયી અર્થાત્ આવવા-જવાવાળા હોય છે. રાગ-દ્વેષ અંતઃકરણમાં આવવા-જવાવાળા છે. તેથી તેને મટાડી શકાય છે.

x x x

સાધકની પ્રવૃત્તિ અને નિવૃત્તિ રાગ-દ્વેષપૂર્વક નહીં હોવી જોઈએ, પણ શાસ્ત્ર અનુસાર હોવી જોઈએ.

x x x

રાગ-દ્વેષપૂર્વક કરવામાં આવેલાં કામનું પરિણામ સારું હોતું નથી.

x x x


બીજા સાધકો તરફ દ્વેષવૃત્તિ પોતાની સાધનાની સિદ્ધિમાં મહાન બાધક હોય છે.

x x x

વિવેક અનાદિ છે, રાગ પોતાનો બનાવેલો હોય છે. સંસારમાં રાગ હોવાથી વિવેક દબાઈ જાય છે અને વિવેક જાગ્રત થવાથી રાગ મટી જાય છે.

x x x

નિરંતર પરિવર્તનશીલ સંસારને સ્થિર માનવાથી જ રાગ-દ્વેષ વગેરે દ્વંદ્વ ઉત્પન્ન થાય છે.



લેવું અને દેવું

સુખ લેવાથી અંતઃકરણ અશુદ્ધ થાય છે અને સુખ આપવાથી અંતઃકરણ શુદ્ધ થાય છે.

x x x

આ સંસાર-સમુદ્રથી જે લેવા ચાહે છે, તે ડૂબી જાય છે અને જે આપવા ચાહે છે તે તરી જાય છે.

x x x

'આપવા'ના ભાવથી સમાજમાં એકતા, પ્રેમ ઉત્પન્ન થાય છે અને 'લેવા'ના ભાવથી સંઘર્ષ ઉત્પન્ન થાય છે.

x x x

'આપવા'નો ભાવ ઉદ્ધાર કરવાવાળો અને 'લેવા'નો ભાવ પતન કરવાવાળો હોય છે.

x x x

શરીરને 'હું' , 'મારું' અથવા 'મારે માટે' માનવાથી જ 'લેવા' નો ભાવ ઉત્પન્ન થાય છે.

x x x

માત્ર સેવા કરવાને માટે જ બીજાઓ સાથે સંબંધ રાખો. લેવાને માટે સંબંધ રાખશો તો દુઃખ પામવું પડશે.

x x x

લઈને દાન આપવાની અપેક્ષા ન લેવું એ જ ઉત્તમ છે.

x x x


લઈને આપવા કરતાં ન લેવાનું ભારે મોટું પુણ્ય છે, પણ આ વાતને સમજવાવાળા ઘણાં ઓછા છે !

x x x

સંસાર પાસેથી કાંઈ પણ લેવું એ પાપ છે અને આપવું પુણ્ય છે.

x x x

સુખ લેવાને માટે શરીર પણ આપણું નથી અને સુખ આપવા (સેવા કરવા)ને માટે પૂરેપૂરો સંસાર આપણો છે.



શરણાગતિ

સંસારનો આશ્રય લેવાથી પરાધીનતા અને ભગવાનનો આશ્રય લેવાથી સ્વાધીનતા મળે છે.

x x x

ભગવાનનો આશ્રય લીધા વિના ભગવાનને જાણવા અસંભવ છે.

x x x

એક ભગવાન સિવાય બીજા કોઈનો આશ્રય ન લેવો એ જ 'અન્યતા' છે.

x x x

સંસારનો આશ્રય જ ભગવાનની શરણાગતિમાં અડચણરૂપ છે.

x x x

ભય બીજાથી હોય છે, આપણાથી નહીં. ભગવાન પોતાના છે, તે માટે તેને શરણે થવાથી મનુષ્ય સદાને માટે નિર્ભય થઈ જાય છે.

x x x

ભગવાનની શરણાગતિ સ્વીકારી લીધા પછી ભક્તએ કોઈ પ્રકારનો સંદેહ, પરીક્ષા, વિપરીત ભાવના અને કસોટી કરવાં નહીં જોઈએ.

x x x

ભગવાનની સાથે પોતાનો નિત્ય-સંબંધ ઓળખવો એ જ ભગવાનને શરણે થયા બરાબર છે. શરણે થવાથી ભક્ત નિશ્ચિંત, નિર્ભય, નિઃશોક અને નિઃશંક થઈ જાય છે.

x x x

ભગવાનને માટે પોતાનું મનમાન્યું છોડી દેવું એજ શરણાગતિ છે.

x x x

શરણાગતિ મન-બુદ્ધિથી થતી નથી, પરંતુ સ્વયંથી થાય છે.

x x x

ભગવાનના આશ્રયથી વધીને બીજો કોઈ આશ્રય નથી.

x x x

શરણાગતિ અને પ્રારબ્ધ– આ બન્નેનું તાત્પર્ય ચિંતાને છોડવામાં છે, પુરુષાર્થ (શાસ્ત્રોક્ત કર્તવ્ય કર્મ)ને છોડવામાં નથી.

x x x

જીવમાત્ર સાક્ષાત્ પરમાત્માનો અંશ છે. તેથી જ્યાં સુધી જીવ પોતાના અંશી પરમાત્માનો આશ્રય નહીં લે, ત્યાં સુધી આ બીજાઓનો આશ્રય લઈને પરાધીન થતો જ રહેશે, દુઃખ પામતો જ રહેશે.

x x x

જ્યાં સુધી મનુષ્ય ભગવાનનો સહારો નહીં લે, ત્યાં સુધી કોઈ પણ સહારો ટકશે નહીં અને તે દુઃખ પામતો જ રહેશે.

x x x

જેનામાં પોતાની સાધનાનું અભિમાન નથી અને જેને પોતાના કલ્યાણનો બીજો કોઈ ઉપાય દેખાતો નથી, તે ભગવાનની શરણાગતિનો અધિકારી છે.

x x x

આશ્રય તેનો લેવો જોઈએ, જે આપણાથી અલગ, દૂર, વિમુખ અને ભિન્ન ન થઈ શકે તથા આપણે તેનાથી અલગ, દૂર અને વિમુખ અને ભિન્ન ન થઈ શકીએ.

x x x

પોતાનામાં કાંઈ પણ વિશેષતા દેખાય તો એ શરણાગતિમાં બાધક છે.

x x x


વેદોનો સાર ઉપનિષદ છે, ઉપનિષદોનો સાર ગીતા છે અને ગીતાનો સાર ભગવાનની શરણાગતિ છે.

x x x

જ્યાં સુધી પોતાના બળનું અભિમાન રહે છે, ત્યાં સુધી શરણાગતિ થતી નથી.

x x x

શરણાગતિ ઘણી સુગમ છે, પણ અભિમાની વ્યક્તિ માટે ઘણી કઠણ છે. હું કાંઈક કરી શકું છું– આ અભિમાન જ્યાં સુધી રહેશે, ત્યાં સુધી શરણે થવું મુશ્કેલ છે.



સંત

સંત-મહાપુરુષોના ઉપદેશ અનુસાર પોતાનું જીવન બનાવવું એ જ તેમની સાચી સેવા છે.

x x x

જેવી રીતે સૂર્ય દ્વારા સૌને સમાન રીતે પ્રકાશ મળે છે, તેવી જ રીતે સંત-મહાત્માઓ દ્વારા સૌનું સમાનરૂપે હિત થાય છે.

x x x

બહારનો પ્રકાશ તો સૂર્ય ફેલાવે છે અને ભીતરનો પ્રકાશ સંત-મહાત્મા ફેલાવે છે.

x x x

સંત-મહાત્માની સૌથી મોટી સેવા છે– તેમના સિદ્ધાંતો અનુસાર જીવન બનાવવું. કારણ કે તેમને સિદ્ધાંત જેટલા પ્રિય હોય છે, તેટલા પોતાના પ્રાણ પણ પ્રિય હોતા નથી.

x x x

ભગવાન, સંત-મહાત્મા, ધર્મ અને શાસ્ત્ર– આ કદી કોઈથી વિમુખ થતાં નથી. કેવળ જીવ જ આનાથી વિમુખ થાય છે.

x x x

સમુદ્રમાંથી કોઈ રાઈ કાઢી શકે નહીં. પરંતુ સંતોએ સંસારભરના ગ્રંથોમાંથી 'ગીતા' કાઢી આપણને આપી દીધી, આ તેમની કેટલી વિલક્ષણ કૃપા !

x x x

ભગવાનનો લાભ ઉઠાવવા માટેની પાંચ બાબતો છે– નામજપ, ધ્યાન, સેવા, આજ્ઞાપાલન અને સંગ. પરંતુ સંતોનો લાભ ઉઠાવવામાં તો ત્રણ જ બાબતો પૂરતી છે– સેવા, આજ્ઞાપાલન અને સંગ.



સંસાર

સંસારનો સંયોગ નિરંતર વિયોગરૂપી અગ્નિમાં બળી રહ્યો છે. જેનાથી સંયોગ થાય છે, તેનાથી વિયોગ થવો નિશ્ચિત છે. ભૂલ એ થાય છે કે તે સંયોગને આપણે નિત્ય માની લઈએ છીએ.

x x x

સંસારના સંયોગનો વિયોગ તો થવાનો જ છે, પણ વિયોગનો સંયોગ જરૂરી નથી. તેથી સંસારનો વિયોગ જ સત્ય છે.

x x x

નાશવાન્ ભૌતિક પદાર્થો સંબંધે કોઈનો શોક કદી દૂર થઈ શકતો જ નથી.

x x x

ઉત્પત્તિ-વિનાશશીલ વસ્તુઓના વશમાં ન હોવું અર્થાત્ તેમનો આશ્રય જ ન લેવો એ મનુષ્યનો વાસ્તવિક વિજય છે.

x x x

જ્યાં સુધી શરીર-સંસારનો આશ્રય સર્વથા મટી નહીં જાય, ત્યાં સુધી જીવવાની આશા, મરવાનો ભય, કરવાનો રાગ અને મેળવવાની લાલચ– આ ચાર મટી શકે નહીં.

x x x

આ સંસાર સેવા-ભાવ શીખવાની એક શાળા છે.

x x x

મનુષ્ય જ આસક્તિપૂર્વક સંસાર સાથે સંબંધ જોડે છે. સંસાર કદી સંબંધ જોડતો નથી.

x x x

સંસારનો સાથ મળવાથી સંસારનું જ્ઞાન થતું નથી અને પરમાત્માથી અલગ રહેવાથી પરમાત્માનું જ્ઞાન થતું નથી– આ નિયમ છે.

x x x

સંસારની સાથે એકતા અને પરમાત્માથી ભિન્નતા ભૂલથી માનેલી છે.

x x x

વિનાશી સાથે પોતાનો સંબંધ માનવાથી અંતઃકરણ. કર્મ અને પદાર્થ આ ત્રણેય મલિન થઈ જાય છે અને વિનાશીથી માનેલો સંબંધ છૂટી જવાથી આ ત્રણેય આપોઆપ પવિત્ર થઈ જાય છે.

x x x

જ્યાં સુધી સંસાર સાથે સંયોગ બની રહે છે, ત્યાં સુધી ભોગ થાય છે, યોગ નહીં. સંસારના સંયોગનો મનથી સર્વથા વિયોગ થવાથી યોગ સિદ્ધ થઈ જાય છે અર્થાત્ પરમાત્માથી પોતાના સ્વતઃસિદ્ધ નિત્યયોગનો અનુભવ થઈ જાય છે.

x x x

સંસારથી માનેલા સંબંધનો વિચ્છેદ કરવાને માટે ક્યાં તો મળેલાં (શરીર વગેરે) પદાર્થોને સંસારનાં જ સમજીને તેમને સંસારમાં લગાડી દેવાં અથવા જડતા (શરીર વગેરે)થી સંબંધ વિચ્છેદ કરીને પોતાના સ્વરૂપમાં સ્થિર થઈ જઈએ યા પછી આની (શરીર વગેરે) સહિત ભગવાનને શરણે થઈ જઈએ.

x x x

ઉત્પત્તિ-વિનાશશીલ વસ્તુઓનો આશ્રય લઈને, તેમની સાથે સંબંધ જોડીને સુખ ચાહવાવાળો મનુષ્ય કદી સુખી થઈ શકે નહીં– આ નિયમ છે.

x x x

નાશવંતની ગુલામી જ અવિનાશીની સન્મુખ થવા દેતી નથી.

x x x

સંસારની સામગ્રી સંસારને કામની છે, આપણે કામની નથી.

x x x

સંસાર વિશ્વાસ કરવા યોગ્ય નથી, પણ સેવા કરવા યોગ્ય છે.

x x x

નાશવંતમાં પોતાપણું અશાંતિ અને બંધન કરનારૂં છે.

x x x

અસત્‌ને અસત્ જાણવા છતાં પણ અસત્‌નું આકર્ષણ મટી જતું નથી, ત્યાં સુધી સત્‌ની પ્રાપ્તિ થતી નથી (જેમ કે સિનેમાને અસત્ય જાણવા છતાં પણ તેનું આકર્ષણ રહે છે).

x x x

જે રીતે ભગવાનનો આશ્રય કલ્યાણ કરનારો છે, તે રીતે રૂપિયા વગેરે ઉત્પત્તિ-વિનાશકારી વસ્તુઓનો આશ્રય પતન કરનારો છે.

x x x

પ્રાકૃત પદાર્થ માત્રને મહત્ત્વ આપવું એ અનર્થનું મૂળ છે.

x x x

વિશ્વાસ ભગવાન પર જ કરવો જોઈએ. ઉત્પત્તિ-વિનાશશીલ વસ્તુઓ પર વિશ્વાસ કરવાથી દગો જ થશે, દુઃખ જ પામવું પડશે.

x x x

ભગવાનની સાથે આપણો વિયોગ અને સંસારની સાથે સંયોગ કદી થઈ જ શકતો નથી.

x x x

આપણે સંસારની સાથે કદી રહી જ શકતા નથી અને પરમાત્માથી અલગ કદી થઈ શકતા નથી.

x x x

અસત્‌ના સંગથી જ તમામ દોષો અને વિષમતાઓની ઉત્પત્તિ થાય છે.

x x x

શરીર-સંસારનું નિરંતર પરિવર્તન આપણને આ ક્રિયાત્મક ઉપદેશ આપી રહ્યું છે કે તમારો સંબંધ અપરિવર્તનશીલ તત્ત્વ (પરમાત્મા)ની સાથે છે, અમારી સાથે નહીં, અમે તમારી સાથે અને તમે અમારી સાથે રહી શકતા નથી.

x x x

હમણાં જે વસ્તુઓ, વ્યક્તિઓ વગેરે આપણી સાથે છે, તેમનો સાથ ક્યાં સુધી રહેશે– આના પર દરેકે વિચાર કરવાની જરૂર છે.

x x x

આપણે શરીરને રાખવા ચાહીએ છીએ, સુખ-આરામ ચાહીએ છીએ, પોતાના મનની વાત પૂરી કરવા ચાહીએ છીએ. આ બધો અસત્‌નો આશ્રય છે.

x x x

જે કોઈ સમયે છે અને કોઈ સમયે નથી, ક્યાંક છે અને ક્યાંક નથી, કશાકમાં છે અને કશાકમાં નથી, કોઈકનું છે અને કોઈકનું નથી, તે વાસ્તવમાં છે જ નહીં.

x x x

વસ્તુ અને વ્યક્તિ તો રહેતાં નથી, પણ તેમનાથી માનેલો સંબંધ જ જન્મ-મરણનું કારણ હોય છે.

x x x

સૌ સંસારમાં પોતાની ધૂનમાં જઈ રહ્યા છે. આપણે જ તેમને (જવાવાળાને) પકડીએ છીએ અને પછી તે છૂટી જવાથી રડીએ છીએ.

x x x

જે સંસારની ગરજ કરતો નથી, તેની ગરજ સંસાર કરે છે, પરંતુ જે સંસારની ગરજ કરે છે, તેને સંસાર ચૂસીને ફેંકી દે છે.

x x x

મનુષ્ય જ્યાં સુધી સાંસારિક પદાર્થોનો સંબંધ રાખશે અને તેમની આવશ્યકતા સમજશે, ત્યાં સુધી તે કદી સુખી થશે નહીં.

x x x

માત્ર હુંપણું જ સંસારનું બીજ છે.

x x x

સંસારને સત્તા આપવાથી સંયોગ-વિયોગ થાય છે અને મહત્તા દેવાથી સુખ-દુઃખ થાય છે.

x x x

સંસારની સત્તા બાધક નથી, પણ તેની મહત્તાની અસર બાધક છે. મહત્તાની અસર થવાથી ગુલામી આવી જાય છે.

x x x

સંસારનો સંયોગ અનિત્ય છે અને વિયોગ નિત્ય છે. નિત્યનો સ્વીકાર કરવો એ મનુષ્યનું કર્તવ્ય છે.

x x x

સંસારની જે વસ્તુઓને આપણે ખૂબ મહત્ત્વ આપીએ છીએ તેનું કામ એ છે કે તે આપણને પરમાત્માની પ્રાપ્તિ થવા નહીં દે અને પોતે પણ રહેશે નહીં.

x x x

સંસાર અસત્ય હોય કે સત્ય, પણ તેની સાથે આપણો સંબંધ અસત્ય છે– આ નિઃસંદેહ વાત છે.

x x x

આ સંસાર મહેંદીનાં પાંદડાંની જેમ ઉપરથી લીલો દેખાય છે, પણ તેની ભીતર પરમાત્મારૂપ લાલી પરિપૂર્ણ છે.

x x x

આપણે સ્વયં ચેતન તથા અવિનાશી છીએ અને વસ્તુઓ જડ અને વિનાશી છે. બન્નેની જાતિ અલગ-અલગ છે. પછી બીજી જાતિની વસ્તુ આપણને કેવી રીતે મળી શકે ?

x x x

જેવી રીતે ઉદય થયા બાદ સૂર્ય નિરંતર અસ્ત તરફ જ જાય છે, તેવી રીતે જ ઉત્પન્ન થયા બાદ સંસાર નિરંતર અભાવ તરફ જ જઈ રહ્યો છે.

x x x

સંસાર વિજાતીય છે અને વિજાતીય વસ્તુથી સંબંધ થતો જ નથી, કેવળ સંબંધની માન્યતા થાય છે. સંબંધની માન્યતા જ અનર્થનું કારણ છે, જે મટતાં જ મુક્તિ સ્વતઃસિદ્ધ છે.

x x x


સાંસારિક પદાર્થ, માન, મોટાઈ, પ્રશંસા, આરામ, સત્કાર વગેરે પ્રિય લાગવાં એ પતનનું કારણ છે.

x x x

જે નથી, તેની સત્તા માનીને તેને મેળવવાની અથવા નષ્ટ કરવાની ઈચ્છા કરવી એ અસત્‌નો સંગ છે.

x x x

વસ્તુ, વ્યક્તિ અને ક્રિયાનો સંબંધ મનુષ્યને પરાધીન બનાવવાવાળો છે. આનાથી અસંગ થવાથી જ મનુષ્ય સ્વાધીન થઈ શકે છે.



સદ્‌ગુણ અને દુર્ગુણ

જેટલાં પણ દુર્ગુણ-દુરાચાર છે, તે બધા મનુષ્યના બનાવેલા છે, ભગવાનના બનાવેલા નથી. ભગવાન 'સત' છે અને દુર્ગુણ-દુરાચાર 'અસત્‌' છે. સત્‌થી અસત્‌ની ઉત્પત્તિ કેવી રીતે થઈ શકે ?

x x x


સંસારથી વિમુખ થવાથી પ્રયત્ન કર્યા વિના સદ્‌ગુણ આવે છે.

x x x

જ્યારે જીવ પરમાત્માની સન્મુખ થાય છે, ત્યારે બધા સદ્‌ગુણ આવી જાય છે અને સંસારની સન્મુખ થાય છે, ત્યારે બધા અવગુણ આવી જાય છે.

x x x

પોતાની નિર્બળતાનું દુઃખ થાય અને ભગવાનની કૃપા પર વિશ્વાસ થાય તો જે દુર્ગુણ હટાવવા ચાહીએ છીએ, તે હટી જશે અને જે સદ્‌ગુણ લાવવા ચાહીએ છીએ તે આવી જશે.



સત્સંગ અને કુસંગ

સત્સંગથી જેટલો લાભ થાય છે, તેટલો એકાંતમાં રહીને સાધના કરવાથી થતો નથી.

x x x

સત્સંગમાં કાંઈ પણ કર્યા વિના ઉન્નતિ થાય છે અને કુસંગમાં કાંઈ પણ કર્યા વિના પતન થાય છે.

x x x

અસત્યનો સંગ છોડયા વિના સત્સંગનો પ્રત્યક્ષ લાભ થતો નથી.

x x x

કેવળ સાંભળવાથી સત્સંગ થતો નથી. સત્સંગ થાય છે– સત્‌ની સાથે સંબંધ જોડવાથી, સત્‌ને મહત્ત્વ આપવાથી.

x x x

બધામાં પરિપૂર્ણ એક પરમાત્મતત્ત્વને જોવું એ સત્સંગ (સત્‌નો સંગ) છે.

x x x

ભગવાનમાં પ્રેમ થવો એ પણ સત્સંગ છે અને નાશવાન્‌નો પ્રેમ (મોહ) છૂટવો એ પણ સત્સંગ છે.

x x x

જેમ શરીરને માટે ભોજન આવશ્યક છે, તેમ જ પારમાર્થિક જીવનને માટે સત્સંગ આવશ્યક છે.

x x x

જેવી રીતે મનુષ્યશરીર વારંવાર મળતું નથી, તેવી જ રીતે મનુષ્યશરીર મળવા છતાં પણ સત્સંગ વારંવાર મળતો નથી.

x x x

સત્સંગ આપણા પુરુષાર્થથી મળતો નથી, પણ કેવળ ભગવત્-કૃપાથી મળે છે.

x x x

જ્યાં સ્વાર્થ હોય છે, ત્યાં સત્સંગ હોતો નથી પણ કુસંગ હોય છે.

x x x

દરેક પરિસ્થિતિમાં ખુશ રહેવાની વિદ્યા સત્સંગથી જ મળે છે.

x x x

સાચી વાતને માની લઈએ– આ સત્સંગ છે.

x x x

જેવી રીતે ભીતર અગ્નિ કમજોર હોય તો ભોજન પચતું નથી, તેવી જ રીતે ભીતર લગની ન હોય તો સત્સંગની વાતો પચતી નથી.

x x x

ભગવાનની વિશેષ કૃપાની ઓળખ છે– સત્સંગનું મળવું.

x x x

વ્યાપારમાં તો લાભ અને નુકસાન બન્ને થાય છે, પણ સત્સંગમાં લાભ-જ-લાભ થાય છે, નુકસાન થતું જ નથી.

x x x

સત્સંગની વાતોને મહત્ત્વ આપવાથી વૃત્તિઓમાં ઘણો ફરક પડે છે, અને વિકાર આપોઆપ નષ્ટ થાય છે.

x x x

ભોગોમાં જેટલી આસક્તિ થાય છે, તેટલી જ બુદ્ધિમાં જડતા આવે છે, જેથી સત્સંગની તાત્ત્વિક વાતો વાંચી-સાંભળીને પણ સમજમાં આવતી નથી.

x x x

સંસાર પાસેથી કાંઈક લેવાની ઈચ્છા થતાં જ કુસંગ શરૂ થઈ જાય છે.

x x x


શરીર-સંસારથી પોતાનો સંબંધ માનવો એ કુસંગ છે.

x x x

કુસંગથી હાનિ થતી નથી, પણ કુસંગનો સ્વીકાર કરવાથી હાનિ થાય છે.

x x x

ઈશ્વર, પરલોક અને ધર્મ ન માનવાવાળા નાસ્તિકનો સંગ સૌથી વધુ પતન કરવાવાળો છે.



સમય

ગયેલું ધન ફરીથી પ્રાપ્ત થઈ શકે છે, પણ ગયેલો સમય ફરીથી પ્રાપ્ત થતો નથી. ધનની માફક સમયને તિજોરીમાં બંધ કરીને રાખી શકતા નથી. તેથી હમેશાં સાવધાન રહીને સમયનો સદુપયોગ કરવો જોઈએ.

x x x

પૈસાને તો તિજોરીમાં બંધ કરીને રાખી શકાય છે, પણ સમયને બંધ કરીને રાખી શકાતો નથી. તેથી આપણા અમૂલ્ય સમયને નકામા કામોમાં ખર્ચ કરવો ન જોઈએ.

x x x

સમયનો સદુપયોગ ન કરનારી વ્યક્તિ કોઈ પણ ક્ષેત્રમાં સફળ ન થઈ શકે.

x x x

જોવામાં તો એવું દેખાય છે કે સમય જઈ રહ્યો છે, પણ વાસ્તવમાં શરીર જઈ રહ્યું છે.

x x x

વિચાર કરીએ કે જે સમય ચાલ્યો ગયો તે સમયના સદુપયોગથી આપણે પરમાત્મપ્રાપ્તિના માર્ગ પર કેટલા આગળ વધ્યા છીએ ?



સાધક

નિષિદ્ધ કર્મોને કરીને કોઈ વ્યક્તિ સાધક નહીં બની શકે.

x x x

સાધક ચાહે તો અસત્‌થી વિમુખ થઈ જાય, ચાહે તો સત્‌ની સન્મુખ થઈ જાય. બન્નેમાંથી કોઈ એક કામ તો કરવું જ પડશે, ત્યારે જ આફત મટશે.

x x x

સાધકને માટે 'મારે તો કેવળ પરમાત્મપ્રાપ્તિ જ કરવી છે'–આ નિશ્ચયની તથા તેના પર દૃઢ અટલ રહેવાની બહુ ભારે આવશ્યકતા છે.

x x x

સાધક પોતાને કદી પણ ભોગી કે સંસારી વ્યક્તિ તરીકે ન સમજે. તેનામાં સદા આ જાગૃતિ રહેવી જોઈએ કે 'હું સાધક છું'.

x x x

જડતાથી જેટલો સંબંધ-વિચ્છેદ થતો જાય છે, તેટલી જ સાધકમાં વિલક્ષણતા આવતી જાય છે.

x x x

સાધક એને જ કહેવાય કે જે હમેશાં સાવધાન રહે છે.

x x x

સાધકે પોતાની સ્થિતિ સ્વાભાવિકરૂપે પરમાત્મામાં જ માનવી જોઈએ, જે વાસ્તવમાં છે. સંસારમાં પોતાની સ્થિતિ માનવાવાળો સાધક ગબડી પડે છે.

x x x

સાધકે વિચાર કરવો જોઈએ કે જો મારા દ્વારા કોઈને લાભ ન થયો, કોઈનું હિત ન થયું, કોઈની સેવા ન થઈ તો હું સાધક શું થયો ?

x x x

સાધકમાં સાધન અને સિદ્ધિની બાબતમાં ચિતા ન થવી જોઈએ, પણ ભગવત્-પ્રાપ્તિને માટે વ્યાકુળતા અવશ્ય થવી જોઈએ. કારણ કે ચિંતા ભગવાનથી દૂર કરનારી છે અને વ્યાકુળતા ભગવાનની પ્રાપ્તિ કરાવનારી છે.

x x x

જ્યાં સુધી પોતાના વ્યક્તિત્વનું ભાન હોય, ત્યાં સુધી સાધકે સંતોષ ન માનવો જોઈએ.

x x x

અંદરોઅંદર મતભેદ થવો અને પોતાના મત અનુસાર સાધના કરીને જીવન બનાવવું એ દોષ નથી, પણ બીજાઓનો મત ખરાબ લાગવો, તેમના મતનું ખંડન કરવું, તેમના મતની ઘૃણા કરવી એ જ દોષ છે.

x x x

જ્યાં સુધી સાધકને પોતાની સ્થિતિ પર અસંતોષ થતો નથી, ત્યાં સુધી તેની ઉન્નતિ થતી નથી.

x x x

સાધકે કેવળ એટલી સાવધાની રાખવાની છે કે તેને જે ચીજ નાશવંત દેખાય, તેના મોહમાં ન ફસાય, તેને મહત્ત્વ ન આપે. નાશવંત ચીજને કામમાં લે, પણ તેની ગુલામી ન સ્વીકારે.

x x x

સાધકે મતવાદી નહીં બનીને તત્ત્વવાદી બનવું જોઈએ.

x x x

ભોગી વ્યક્તિને ઊંઘ મિત્ર સમાન પ્રિય લાગે છે, પણ સાધના-ભજન કરવાવાળાને ઊંઘ વેરી સમાન લાગે છે.

x x x

ભજન ન કરનારાઓને માટે તો આ કળિયુગનો સમય છે. પણ ભજન કરનારા માટે આ બહુ ઉત્તમ સમય છે.

x x x

સાધકે હરપળે સાવધ રહેવું જોઈએ. સાવધ રહેવાનું તાત્પર્ય છે– કોઈથી કદી કાંઈ ન ચાહવું.

x x x


સાધક તે હોય છે, જે ચોવીસે કલાક સાધના કરે.

x x x

નાનામાં નાનું તથા મોટામાં મોટું જે પણ કર્મ કરવામાં આવે તેમાં સાધકે સાવધાન રહેવું જોઈએ કે ક્યાંક કોઈ સ્વાર્થની ભાવનાથી તો કર્મ નથી થઈ રહ્યું ને !

x x x

મારી કોઈ પણ ક્રિયાથી બીજાને દુઃખ ન પહોંચે એવી સાવધાની સાધકે હરપળે રાખવી જોઈએ. બીજાને દુઃખ આપવાથી વર્ષો સુધી સાધના કરવા છતાં પણ શાંતિ મળતી નથી.



સાધના

કેવળ નામ-જપ કરવું એ જ ભજન નથી, પણ ભગવાનને અનુકૂળ જે કોઈ પણ ક્રિયા, ભાવથી ભગવાન તરફ આકર્ષણ વધે, તે બધું ભજન જ છે.

x x x

એકમાત્ર ભગવત્-પ્રાપ્તિનો ઉદ્દેશ્ય થવાથી બધી ક્રિયાઓ સાધન બની જાય છે.

x x x

સંસારનું કાર્ય તો નિર્લેપ થઈને, કર્તવ્ય-માત્ર સમજીને કરવું જોઈએ, પણ ભગવાનનું કાર્ય (જપ, ધ્યાન વગેરે) તલ્લીન થઈને, પોતાની ખાસ વસ્તુ સમજીને કરવું જોઈએ.

x x x

સાધક હૃદયથી એમ માની લે કે 'હું ભગવાનનો જ છું અને ભગવાન જ મારા છે' પછી તેનાથી સ્વતઃ–સ્વાભાવિક સાધના થશે.

x x x

રાત-દિવસ ભગવાનના ભજન-ધ્યાનમાં તલ્લીન રહેવાવાળા વ્યક્તિથી સંસારનું જે હિત થાય છે, તે રાત-દિવસ કર્મ કરવાવાળાઓથી થતું નથી.

x x x

મારે માત્ર પરમાત્મા તરફ જ ચાલવું છે– આવી નિશ્ચયાત્મક બુદ્ધિ તમામ સાધનાનું મૂળ છે. પરંતુ સંસારને સ્થિર માનવાથી આવી બુદ્ધિ પેદા થતી નથી.

x x x

પોતાની સાધનાના બળનું અભિમાન હોવાને કારણે જ પોતાનામાં ખામીની ચિંતા થાય છે.

x x x

કોઈ પણ સાધનાની પૂર્ણતા થવાથી જીવવાની ઈચ્છા, મરવાનો ભય, મેળવવાની લાલચ અને કરવાનો રાગ– આ ચારેય સર્વથા મટી જાય છે.

x x x

જડ પદાર્થોની સાથે જીવનો જે રાગયુક્ત સંબંધ છે, તેને મટાડવામાં જ તમામ સાધનોની સાર્થકતા છે.

x x x

અભ્યાસનું નામ ભજન નથી, પણ ભગવાનની સ્મૃતિ અને પ્રિયતાનું નામ ભજન છે. ભગવાનને પોતાના માન્યા વિના સ્મૃતિ અને પ્રિયતા જાગૃત થતી નથી.

x x x

સાધના સ્વયંથી થાય છે, મન, બુદ્ધિ, ઈન્દ્રિયોથી નહીં.

x x x

પરમાત્મ-પ્રાપ્તિનાં જેટલાં પણ સાધન છે, તે બધાં સાધનોને પરમાત્માની પ્રાપ્તિથી પણ વધારે આદર આપવો જોઈએ.

x x x

સાધનામાં વિશેષ આદરબુદ્ધિ પરોવવાથી સાધના ઝડપી થાય છે. સાધનાને જેટલો આદર આપવો જોઈએ, તેટલો આદર ન આપવાથી જ સાધનામાં શિથિલતા આવે છે. અને સફળતા પણ પ્રાપ્ત થતી નથી.

x x x

ભગવાન તરફ લઈ જનારાં બધાં સાધન 'સ્વધર્મ' છે અને સંસારની તરફ લઈ જનારાં બધાં કર્મ 'પરધર્મ' છે.

x x x

જે બીજાને દુઃખ આપે છે, તેનું મન ભજનમાં લાગતું નથી.

x x x

જેવી પરિસ્થિતિ આવે, તેમાં સાધના કરવાની છે. અનુકૂળતા જોશો તો સાધના થશે નહીં.

x x x

તમામ સાધનોની સાર વાત છે– સંસારથી સંબંધ-વિચ્છેદ કરવો અને ભગવાનની સાથેનો પોતાનો સંબંધ ઓળખવો.

x x x

સંસારથી ઉપરતિ અને ભગવાનમાં પ્રેમ થવાને માટે જ બધી સાધના છે.

x x x

કેટલીય ઊંચી અવસ્થા થઈ જાય, પણ પોતાની સાધનામાં કદી સંતોષ નહીં માનવો જોઈએ.

x x x

જે પરિસ્થિતિ સામે આવી જાય, તેમાં પ્રસન્ન રહેવું એ 'ભજન' છે.

x x x

ભગવાનનું ભજન કરવાને સમયે સંસારને યાદ નહીં કરવો જોઈએ અને સંસારનાં કામ કરતાં ભગવાનને ભૂલવા નહીં જોઈએ.

x x x

પોતાને માટે જપ, તપ, ધ્યાન વગેરે કરવું અસુરપણું છે અને બીજાઓના હિતને માટે જપ, તપ, ધ્યાન વગેરે કરવામાં મનુષ્યતા છે.

x x x

જેવી રીતે વ્યાપાર તે ઉત્તમ હોય છે જેમાં વધુ પૈસા મળે, તેવી જ રીતે સાધના તે ઉત્તમ હોય છે, જેમાં મન ભગવાનમાં વધારે લાગે.

x x x

જે સાધના સુગમ દેખાય, તેને કરવાનું શરૂ કરી દઈએ તો જે કઠણ દેખાય છે, તે સુગમ થઈ જશે અને જે સમજમાં આવતું નથી, તે સમજમાં આવતું થશે.

x x x

કરણની સહાયતા ભલે હોય, પણ કરણની અપેક્ષા ન હોય– એ કરણનિરપેક્ષ સાધના છે.

x x x

જેઓ બાળપણ અને યુવાનીમાં સાધના-ભજન કરતાં નથી, તે ઘણું કરીને ઘડપણમાં પણ સાધના-ભજન કરી શકતા નથી.

x x x

સાધના નિત્યકર્મની જેમ કોઈ એક નિશ્ચિત સમયમાં થતી નથી, પણ નિરંતર થાય છે.

x x x

હું શરીર નથી, પણ શરીરી (શરીરવાળો) છું– એવું બરાબર સમજમાં આવી જાય તો બધાં સાધન સુગમ થઈ જશે.

x x x

અસલી સાધના તે જ હોય છે જે નિરંતર(પ્રત્યેક કલાકે, પ્રત્યેક મિનિટે) થાય છે. નિરંતર સાધન થયા વિના આ જન્મમાં સિદ્ધિ મળી શકતી નથી.

x x x


જો ભગવાનની યાદ આપમેળે નથી આવતી, તેમને યાદ કરવા પડે તો સમજવું કે હજી સાધના શરૂ થઈ જ નથી !

x x x

સંસાર સાથે સંબંધ રાખીને ગમે તેટલી સાધના કરો, વર્તમાનમાં સિદ્ધિ મળશે નહીં.

x x x

લગની લાગવાથી સાધના આપમેળે થાય છે અને લગની ન હોવાથી સાધના કરવી પડે છે. જે આપમેળે થાય છે તે અસલી હોય છે અને જે કરવી પડે છે, તે નકલી હોય છે.



સુખભોગ અને સંગ્રહ

લોકોની સાંસારિક ભોગ અને સંગ્રહમાં જેમ-જેમ આસક્તિ વધે છે, તેમ તેમ સંગ્રહમાં અધર્મ વધે છે અને જેમ જેમ અધર્મ વધે છે તેમ તેમ સમાજમાં પાપાચરણ, કલહ, વિદ્રોહ વગેરે દોષો વધે છે.

x x x

કોઈ પણ ભોગને ભોગવીને અંતે તે ભોગથી અરૂચિ અવશ્ય થાય છે– આ નિયમ છે, પરંતુ મનુષ્ય ભૂલ કરે છે કે તે પેલી અરૂચિને મહત્ત્વ આપીને તેને સ્થાયી બનાવતો નથી.

x x x

ભોગી વ્યક્તિ દુઃખોથી બચી શકતો નથી, કારણ કે ભોગ જડતાના સંબંધથી થાય છે અને જડતાનો સંબંધ જ જન્મ-મરણરૂપ મહાન દુઃખનું કારણ છે.

x x x

સાધારણ મનુષ્યને જે ભોગોમાં સુખ પ્રતીત થાય છે, તે ભોગોને વિવેકશીલ પુરુષ દુઃખરૂપ જ સમજે છે. તે માટે તે ભોગોમાં રમણ કરતો નથી, તેને આધીન થતો નથી.

x x x

જ્યાં સુધી સાંસારિક સુખ લેવાની વૃત્તિ નહીં મટે, ત્યાં સુધી ગમે તેટલું વાંચી-લખી લો, કેટલાય ચતુર અને સમજદાર બની જાવ, કેટલીયે યોગ્યતા મેળવી લો, કેટલાયે વ્યાખ્યાનદાતા બની જાવ, કેટલાંયે પુસ્તકો લખી નાખો, પણ પરમશાંતિ નહીં મળે.

x x x

સાંસારિક પદાર્થોના સંયોગથી મળનારું સુખ આપણું નથી તથા આપણે માટે પણ નથી, કારણ કે આપણે તો સદા રહેવાવાળા છીએ અને સુખ ખલાસ થવાવાળું છે.

x x x

લોકોમાં ભોગ અને સંગ્રહની વૃત્તિ વધુ થવાથી જ દુકાળ પડે છે.

x x x

આપણી પાસે જે પણ વસ્તુ, યોગ્યતા, સામર્થ્ય વગેરે છે, તે બધું સમાજનું જ છે, આપણું નથી. આપણાંથી ભૂલ એ થાય છે કે તે વસ્તુ વગેરેને પોતાની માનીને તેનાથી સુખ ભોગવવા લાગીએ છીએ ! તેથી આપણને વિવશ થઈને દુઃખ ભોગવવું પડે છે.

x x x

જ્યાં લૌકિક સુખ મળતું દેખાય, ત્યાં સમજી લો કે કોઈ ભય છે !

x x x

વસ્તુ વ્યક્તિથી સુખ લેવું એ મહાન જડતા છે.

x x x

સાંસારિક ભોગોનું સુખ આરંભમાં તો મીઠું લાગે છે, પણ પરિણામમાં તે વિષ સમાન સર્વથા નુકસાનકારક હોય છે.

x x x

મનુષ્ય મળેલી વસ્તુઓનો ભોગ પણ કરી શકે છે અને એનાથી બીજાઓની સેવા પણ કરી શકે છે. ભોગ કરવાથી પતન થાય છે અને સેવા કરવાથી ઉત્થાન થાય છે.

x x x

પોતાની ઈચ્છાથી સુખ ભોગવવાવાળાને પોતાની ઈચ્છા વિરુદ્ધ દુઃખ ભોગવવું જ પડશે.

x x x

વસ્તુને બીજાના હિતમાં લગાડવી તેનો સદુપયોગ છે અને પોતાના ભોગમાં લગાડવી એ તેનો દુરુપયોગ છે.

x x x

જે સુખબુદ્ધિથી કોઈ વસ્તુ, વ્યક્તિ, પરિસ્થિતિ, અવસ્થા વગેરેમાં આસક્તિ કરે છે, તેનામાં ભગવત્-પ્રાપ્તિની વ્યાકુળતા જાગ્રત થતી નથી.

x x x


જયાં સુધી મનુષ્ય સંસારથી સુખ લેતો રહે છે, ત્યાં સુધી દુઃખથી છૂટી શકતો નથી. ચાહે તે સાધુ, ગૃહસ્થ વગેરે કોઈ કેમ ન હોય !

x x x

સાંસારિક સુખ મળે અથવા ન મળે, જેની સાંસારિક સુખમાં રૂચિ છે, તે પતન તરફ જશે જ.

x x x

મનુષ્ય જેટલું સુખ ભોગવશે, તેટલો જ તે સુખનો દાસ બનશે અને જેટલો તે સુખનો દાસ બનશે, તેટલું જ તે દુઃખ ભોગવશે, તે માટે સુખ-ભોગનો ત્યાગ અત્યંત જરૂરી છે.



સુખ અને દુઃખ

સાંસારિક વસ્તુઓને માટે થનાર દુઃખની પરવા ભગવાન કરતા નથી અને ભગવાનને માટે થતા (સાચા) દુઃખને ભગવાન સહી શકતા નથી.

x x x

ભગવાનના મંગલમય વિધાનથી જ અનુકૂળ (સુખદાયી) યા પ્રતિકૂળ (દુઃખદાયી) પરિસ્થિતિ આવે છે, તે આપણા હિતને માટે જ હોય છે.

x x x

સુખી-દુઃખી થવું એ પ્રારબ્ધનું ફળ નથી, પણ મૂર્ખતાનું ફળ છે. તે મૂર્ખતા સત્સંગથી જાય છે.

x x x

સાધકે સદા લોભી વ્યક્તિની માફક બીજાના સુખને માટે તૈયાર રહેવું જોઈએ. આવું થવાથી તે સુખ-દુઃખથી ઊંચે ઊઠી જશે.

x x x

પોતાના સુખને માટે મહેનત કરવી એ દુઃખને નિમંત્રણ દેવા જેવું છે અને બીજાઓના સુખને માટે મહેનત કરવી એ આનંદને નિમંત્રણ દેવા સમું છે.

x x x

પ્રારબ્ધનું કામ તો કેવળ સુખદાયી-દુઃખદાયી પરિસ્થિતિને ઉત્પન્ન કરી દેવાનું છે, પણ તેમાં સુખી-દુઃખી થવું અથવા ન થવું એમાં મનુષ્ય માત્ર સ્વતંત્ર છે.

x x x

સુખદાયી અને દુઃખદાયી પરિસ્થિતિ આવવી તે તો કર્મોનું ફળ છે, પણ તેનાથી સુખી-દુઃખી થવું પોતાની અજ્ઞાનતા, મૂર્ખતાનું ફળ છે. કર્મોનું ફળ દૂર કરવું એ આપણા હાથની વાત નથી, પણ મૂર્ખતા દૂર કરવી એ બિલકુલ આપણા હાથની વાત છે.

x x x

જે સુખદાયી પરિસ્થિતિમાં બીજાઓની સેવા કરે છે તથા દુઃખદાયી પરિસ્થિતિમાં દુઃખી થતો નથી અર્થાત્ સુખની ઈચ્છા કરતો નથી, તે સંસાર-બંધનથી સુગમતાપૂર્વક મુક્ત થઈ જાય છે.

x x x

પ્રકૃતિજન્ય સુખની આસક્તિ હોવાથી સુખ-દુઃખની પરંપરાનો કોઈ અંત આવતો નથી.

x x x

વાસ્તવમાં અનુકૂળતાથી સુખી થવામાં જ પ્રતિકૂળતામાં દુખી થવાનું કારણ છે; કારણ કે પરિસ્થિતિજન્ય સુખ ભોગવવાવાળો કદી દુઃખથી બચી જ નહીં શકે.

x x x

સુખની ઈચ્છાનો ત્યાગ કરાવવાને માટે જ દુઃખ આવે છે.

x x x

જે બીજાઓથી (પોતાને માટે) સુખ ચાહે છે, તેને ભયંકર દુઃખ ભોગવવું જ પડે છે.

x x x

દુઃખનું કારણ આપણે પોતે જ છીએ, બીજું કોઈ નહીં. જ્યાં સુધી આપણે બીજાને દુઃખનું કારણ માનીશું ત્યાં સુધી આપણું દુઃખ જશે નહીં.

x x x

પોતાના સુખથી સુખી થવાવાળાને દુઃખી થવું જ પડશે અને બીજાના સુખથી સુખી થવાવાળાનું દુઃખ સદાને માટે દૂર થઈ જશે.

x x x

સંયોગજન્ય સુખની લોલુપતા જ પારમાર્થિક ઉન્નતિમાં ખાસ બાધક છે.

x x x

શરીરને 'હું' અને 'મારું' માનવું તમામ દુઃખોનું કારણ છે.

x x x

જ્યાં સુધી સંસારનું સુખ લેતા રહેશો, ત્યાં સુધી પ્રકૃતિનો સંબંધ છૂટશે નહીં.

x x x

વસ્તુના અભાવથી દુઃખ થતું નથી, પણ વસ્તુ મળી જાય– આ ઈચ્છાથી દુઃખ થાય છે.

x x x

વસ્તુઓથી દુઃખ જતું નથી, કારણ કે દુઃખ વિચારના અભાવથી પેદા થાય છે, વસ્તુના અભાવથી નહીં. તેથી વિચારથી દુઃખ જતું રહે છે.

x x x

સુખ નિર્વિકલ્પતામાં છે, ભોગોમાં નહીં.

x x x

જ્યાં પણ સંસારનું સુખ દેખાય, ત્યાં વિવેક-વિચારપૂર્વક જોઈશું તો ત્યાં દુઃખ દેખાવા લાગી જશે, કારણ કે સંસાર દુઃખરૂપ જ છે– **'દુઃખાલયમ્'** (ગીતા ૮ । ૧૪)

x x x

સાંભળવા ચાહીએ છીએ, તેથી ન સંભળાવાથી દુઃખ થાય છે, જોવા ચાહીએ છીએ, તેથી ન જોયાનું દુઃખ થાય છે. બળ ચાહીએ છીએ, તેથી નિર્બળતાનું દુઃખ થાય છે. યુવાની ચાહીએ છીએ, તેથી ઘડપણનું દુઃખ થાય છે. તાત્પર્ય એ છે કે વસ્તુના અભાવથી દુઃખ થતું નથી પણ તેની ચાહનાથી, તેના અભાવનો અનુભવ કરવાથી દુઃખ થાય છે.

x x x

સંસાર સાથે સંબંધ જોડીએ તો દુઃખોનો અંત નથી અને ભગવાન સાથે સંબંધ જોડીએ તો સુખોનો (આનંદનો) અંત નથી.

x x x

સુખ પામવા ચાહતા હો તો બીજાઓને સુખ આપો. જેવું બીજ રોપશો તેવી જ ખેતી થશે.

x x x

જ્યાં લૌકિક સુખ મળવા લાગે, ત્યાં સમજવું કે કોઈ ભય છે !

x x x

સર્વ કાંઈ પરમાત્મા જ છે– **'વાસુદેવઃ સર્વમ્'**, પરંતુ તેઓ ભોગ્ય નથી. જે ભોગ્ય માનીને સુખ લેવા ચાહે છે, તે દુઃખ પામતો રહે છે.

x x x

ગૃહસ્થમાં જો બધાનો એવો ભાવ રહે કે મને સુખ કેવી રીતે મળી જાય તો બધા દુઃખી થઈ જશે, અને એવો ભાવ રહે કે બીજાને સુખ કેવી રીતે મળે તો બધા સુખી થઈ જશે.

x x x

અગર દુઃખ ચાહતા નથી તો સાંસારિક સુખ પણ ચાહશો નહીં.

x x x

બીજા સુખી થઈ જાય– આ ભાવ રહેશે તો સૌ સુખી થઈ જશે. અને પોતે પણ સુખી થઈ જશો. હું સુખી થઈ જાઉં – આ ભાવ રહેશે તો સૌ દુઃખી થઈ જશે અને પોતે પણ દુઃખી થઈ જશો.

x x x

સાંસારિક સુખ કેમ ટકતું નથી ? કારણ કે તે આપણું અને આપણા માટે છે જ નહીં.

x x x

સુખ સારું લાગે છે પણ તેનું પરિણામ સારું હોતું નથી. દુઃખ ખરાબ લાગે છે પણ તેનું પરિણામ સારું હોય છે.

x x x

દુઃખદાયી પરિસ્થિતિ ભગવાનના વિધાનથી આપણા કલ્યાણને માટે આવે છે. તેથી તેને દૂર કરવાનો પ્રયત્ન ન કરીને શાંતિપૂર્વક સહી લેવી જોઈએ.

x x x


જે બીજાઓનું અનિષ્ટ કરે છે, તે વાસ્તવમાં પોતાનું જ મહાન અનિષ્ટ કરે છે અને જે બીજાઓને સુખ પહોંચાડે છે તે વાસ્તવમાં પોતાને જ સુખી બનાવે છે.

x x x

દુઃખ આવવાથી પ્રસન્ન થવું બહુ ઊંચી સાધના છે.

x x x

પરિસ્થિતિથી અલગ થવામાં મનુષ્ય સ્વતંત્ર નથી, પણ તેનો ભોગ ન કરવામાં અર્થાત્ તેનાથી સુખી-દુઃખી ન થવામાં મનુષ્ય સર્વથા સ્વતંત્ર, સમર્થ અને સબળ છે.



સ્વભાવ

સ્વાર્થ અને અભિમાન– આ બન્ને ચીજોથી સ્વભાવ બગડે છે. તેથી સાધકે સ્વાર્થ અને અભિમાનનો સર્વથા ત્યાગ કરી દેવો જોઈએ.

x x x

ભજન, ધ્યાન વગેરે સાધના કરવા છતાં પણ વર્તમાનમાં પ્રત્યક્ષ લાભ ન દેખાવાનું કારણ – સ્વભાવ શુદ્ધ ન હોવો તે. તે માટે પ્રત્યેક સાધકે પોતાના સ્વભાવનો સુધારો કરવા પર વિશેષ ધ્યાન આપવું જોઈએ.

x x x

પોતાના સ્વભાવને શુદ્ધ બનાવવા સમાન કોઈ ઉન્નતિ નથી.

x x x

જેનો સ્વભાવ સુધરી જશે, તેને માટે દુનિયા સુધરી જશે.

x x x

જેનો સ્વભાવ બીજાઓને દુઃખ આપવાનો છે, તે બીજાઓને દુઃખ આપશે અને પોતે પણ દુઃખ પામશે. પરંતુ જેનો સ્વભાવ બીજાઓને સુખ આપવાનો છે, તે બીજાઓને પણ સુખ આપશે અને પોતે પણ સુખ પામશે.

x x x

પોતાના સ્વભાવનો સુધારો મનુષ્ય પોતે જાતે જ કરી શકે છે. બીજા માત્ર તેને ઉપાય બતાવી શકે છે, તેને મદદ કરી શકે છે.

x x x

આપણો સ્વભાવ ત્યારે સુધરશે, જ્યારે આપણે આપણા તરફ ન્યાય કરીશું અર્થાત્ આપણા પર કાબૂ મેળવીશું અને બીજાને ક્ષમા કરીશું.

x x x

સત્સંગ, સત્-શાસ્ત્ર અને સદ્-વિચાર– આ ત્રણથી સ્વભાવમાં સુધારો થાય છે.

x x x

જેનો સ્વભાવ શુદ્ધ બની જાય છે, તે અધોગતિમાં જઈ શકતો નથી.



સ્વરૂપ

સાધકને એવું હોવું જોઈએ કે તે બદલાવાવાળી અવસ્થાઓને ન જુએ, પણ કદી ન બદલવાવાળા સ્વરૂપ (સ્વયં)ને જુએ.

x x x

સ્વરૂપ નિષ્કામ છે. સકામભાવ પ્રકૃતિના સંબંધથી આવે છે.

x x x

શરીર-આદિ સૌ પદાર્થ બદલાઈ રહ્યાં છે– એવો જેને અનુભવ થાય છે, તે સ્વયં કદી બદલાતો નથી. તે માટે સ્વયંને બદલવાનો અનુભવ કદી કોઈને થતો નથી.

x x x

જીવ સ્વરૂપથી અકર્તા તથા સુખ-દુઃખથી રહિત છે. કેવળ પોતાના પ્રમાદને કારણે કર્તા બની જાય છે અને કર્મફળની સાથે સંબંધ જોડીને સુખી-દુઃખી થઈ જાય છે.

x x x

ક્રિયાઓ અને પદાર્થોની સાથે સંબંધ જોડવાથી જ પોતાના સ્વરૂપનો સાક્ષાત્ અનુભવ થતો નથી.

x x x

આપણું શરીર તો સંસારમાં છે પણ આપણે સ્વયં પરમાત્મામાં જ છીએ.

x x x


આપણું સ્વરૂપ સત્તા છે, અહમ્ નથી. તેથી અહમ્‌ને છોડીને સત્તામાં પોતાની સ્વતઃસિદ્ધ સ્થિતિનો અનુભવ કરો.

x x x

આપણું સ્વરૂપ પોતાનું છે, પરાયું નથી, જો તે જાણવાનું અઘરૂં છે તો પછી સુગમ શું હશે ?

x x x

આપણું અસ્તિત્વ (હોવાપણું) વસ્તુ, વ્યક્તિ અને ક્રિયાને આધીન નથી.



પ્રકીર્ણ

સાધકની ભીતર હરપળે આ ભાવ રહેવો જોઈએ કે હું અહીંનો નિવાસી નથી, પણ (ભગવાનનો જ અંશ હોવાથી) ભગવદ્‌ધામનો નિવાસી છું.

x x x

આપણી કમાણીમાં કોઈના હકનો એક કણ પણ ન આવી જાય. આ વાતની સાવધાની રાખવી જોઈએ.

x x x

જ્યારે ચેતન જડ સાથે 'તાદાત્મ્ય' સાધી લે છે, ત્યારે પરિચ્છિન્નતા અર્થાત્ અહંતા ઉત્પન્ન થાય છે. અહંતાથી 'મમતા' ઉત્પન્ન થાય છે, જેનાથી વિકાર પેદા થાય છે, મમતાથી 'કામના' ઉત્પન્ન થાય છે, જેનાથી અશાંતિ પેદા થાય છે.

x x x

સાધકે એવું માનવું કે હું જે કાંઈ કરી રહ્યો છું, તે ભગવાનની પૂજા છે અને જે કાંઈ થઈ રહ્યું છે, તે ભગવાનની લીલા છે.

x x x

હાલમાં મનુષ્ય પશુથી પણ નીચે પડતો જઈ રહ્યો છે, કારણ કે પશુ તો પોતાના નિર્વાહની વસ્તુ જ લે છે, બીજાઓનો હક હડપતા નથી, પણ મનુષ્ય બીજાઓના પણ હક ઝૂંટવીને સંગ્રહ કરે છે.

x x x

કામ-ધંધો કરવાનો સમયે ભગવાનનું વિસ્મરણ ત્યારે થાય છે કે, જ્યારે કામ-ધંધાને પોતાનો તથા પોતાને માટે માની લે છે.

x x x

શરીરની આવશ્યકતાઓની પૂર્તિનો પ્રબંધ તો પરમાત્મા તરફથી થાય છે, પણ તૃષ્ણાની પૂર્તિ માટે કોઈ પ્રબંધ નથી.

x x x

સાધક જ્યારે પોતાના દોષોને દોષરૂપે જોઈને તેના દુઃખથી દુઃખી થઈ જાય છે, તેનું રહેવું તેને અસહ્ય થઈ પડે છે, તો પછી તેના દોષ ટકી શકતા નથી. ભગવાનની કૃપા તે દોષોનો જલદી જ નાશ કરી દે છે.

x x x

સાધક જેટલું જાણે છે, તેટલું માનીને તેનું પાલન કરવાનો આરંભ કરી દે તો આગળની આવશ્યક જાણકારી તેને આપમેળે પ્રાપ્ત થઈ જાય છે.

x x x

નેત્રો કરતાં વધુ યાદ મનને રહે છે, મન કરતાં વધુ યાદ બુદ્ધિને રહે છે અને બુદ્ધિ કરતાં વધુ યાદ સ્વયંને રહે છે. સ્વયં જે વાતને પકડી લે છે તે વાત કાયમ યાદ રહે છે.

x x x

પોત-પોતાના સ્થાન યા ક્ષેત્રમાં જે પુરુષ મુખ્ય કહેવાય છે, તે અધ્યાપક, વ્યાખ્યાનદાતા, આચાર્ય, ગુરુ, નેતા, શાસક, મહંત,

કથાવાચક, પૂજારી વગેરે સૌએ પોતાના આચરણોમાં વિશેષ સાવધાની રાખવાની અત્યંત આવશ્યકતા છે, જેથી બીજા લોકો પર તેમનો સારો પ્રભાવ પડે.

x x x

જેની બુદ્ધિમાં જડતા (સાંસારિક ભોગ અને સંગ્રહ)નું જ મહત્ત્વ છે, તેવો મનુષ્ય ગમે તેટલો વિદ્વાન કેમ ન હોય, તેનું પતન જરૂર છે. પરંતુ જેની બુદ્ધિમાં જડતાનું મહત્ત્વ નથી અને ભગવત્-પ્રાપ્તિ જ જેનો ઉદ્દેશ્ય છે, તેવો મનુષ્ય વિદ્વાન ન પણ હોય તોપણ તેનું ઉત્થાન અવશ્ય થાય છે.

x x x

કરવા ચાહતા હો તો સેવા કરો, જાણવા ચાહતા હો તો પોતે-પોતાને જાણો અને માનવા ચાહતા હો તો પ્રભુને માનો. ત્રણેનું પરિણામ એક જ હશે.

x x x

જેવી રીતે કલમ સુંદર હોવાથી લખાણ સુંદર થઈ શકે છે, પણ તેનાથી લેખક થઈ જતો નથી, તેવી જ રીતે કરણ (અંતઃકરણ) શુદ્ધ હોવાથી ક્રિયા તો શુદ્ધ થઈ શકે છે, પણ તેનાથી કર્તા શુદ્ધ થઈ જતો નથી.

x x x

શરીર સંસારમાં સ્થિત છે અને સ્વયં પરમાત્મામાં સ્થિત છે. તેથી સાધકે પોતાને સંસારમાં સ્થિત નહીં માનીને પરમાત્મામાં જ પોતાની સ્થિતિનો અનુભવ કરવો.

x x x

સાધકને હોવું જોઈએ કે તેણે શું કરવું જોઈએ અને શું ન કરવું જોઈએ– એ શાસ્ત્ર પર છોડી દેવું અને શું થવું જોઈએ અને શું ન થવું જોઈએ– એ ભગવાન પર છોડી દેવું.

x x x

મનુષ્ય-જન્મની સફળતાને માટે હમેશાં સાવચેત રહેવાની બહુ ભારે જરૂર છે.

x x x

લોકો આપણને જેટલા સારા સમજે છે, તેટલા સારા આપણે હોતા નથી અને લોકો આપણને જેટલા ખરાબ સમજે છે, તેનાથી આપણે વધારે ખરાબ હોઈએ છીએ– આ વાસ્તવિકતાને સમજીને 'લોકો મને સારા સમજે' આ ઈચ્છાનો ત્યાગ કરી દેવો જોઈએ અને પોતાની દૃષ્ટિમાં સારા બનવાની ચેષ્ટા કરવી જોઈએ.

x x x

સંયોગજન્ય સુખની લાલસા જેટલી ઘાતક છે, તેટલું સુખ ઘાતક નથી. શરીર જળવાઈ રહે– આ ભાવના જેટલી ઘાતક છે તેટલું શરીર ઘાતક નથી. કુટુંબનો મોહ જેટલો ઘાતક છે, તેટલું કુટુંબ ઘાતક નથી. રૂપિયાનો લોભ જેટલો ઘાતક છે, તેટલા રૂપિયા ઘાતક નથી.

x x x

જે દેખાય છે તે સંસારને પોતાનો માનવાનો નથી, પણ તેની સેવા કરવાની છે, અને જે દેખાતા નથી, તે ભગવાનને પોતાના માનવાના છે તથા તેમને યાદ કરવાના છે.

x x x

મળેલા સંસારનો દુરુપયોગ ન કરો, જાણેલા તત્ત્વનો અનાદર ન કરો અને માનેલા પરમાત્મામાં સંદેહ કરો નહીં.

x x x

આપણા હૃદયમાં જડતા (શરીર-સંસાર)નો જેટલો આદર થયો છે, તેટલો જ પરમાત્માનો અનાદર થયો છે અને તે અનાદર જ આપણું પતન કરશે, આપણી અધોગતિ કરશે.

x x x

નાશવાન્ પદાર્થોની મહત્ત્વબુદ્ધિ માણસને પદ્દલિત કરે છે અને પરમાત્માની મહત્ત્વબુદ્ધિ તેને ઊંચે ઉઠાવે છે.

x x x

જે જે વસ્તુ, વ્યક્તિ વગેરેનો દુરુપયોગ કરે છે, તેને તેનાથી વંચિત થવાનું દુઃખ ભોગવવું જ પડે છે.

x x x

જે આપણું છે, તે સદાને માટે આપણું છે અને જે કોઈ સમયે આપણું નથી. તે કદી પણ આપણું થઈ શકતું નથી.

x x x

જે નહીં કરવું જોઈએ. તે કરવાથી અને જે કરવું જોઈએ તે નહીં કરવાથી જ ચિંતા અને ભય થાય છે.

x x x

જે સૌનું થાય છે, તે આપણું થાય છે. જે કોઈ પણ સમયે કોઈનું થતું નથી, તે આપણું પણ થઈ શકતું જ નથી.

x x x

જે દિવસે સંસારની રૂચિ મટશે, તે દિવસે પારમાર્થિક રૂચિ પૂરી થઈ જશે.

x x x

સાધકનું જે કોઈ વસ્તુ, વ્યક્તિ વગેરેમાં ખેંચાણ હોય, તેમાં તે ભગવાનનું જ ચિંતન કરે.

x x x

સર્વ ઠેકાણે સમરૂપ પરમાત્માને જોવા સમદૃષ્ટિ છે અને પ્રકૃતિ તથા તેના કાર્ય (શરીર-સંસાર) ને જોવું વિષમદૃષ્ટિ છે.

x x x

મનુષ્યએ પોતાનો સંકલ્પ નહીં રાખવો જોઈએ, પણ ભગવાનના સંકલ્પમાં પોતાનો સંકલ્પ મેળવી દેવો જોઈએ એટલે કે ભગવાનના

વિધાનમાં પરમ પ્રસન્ન રહેવું જોઈએ.

x x x

સાંસારિક વિષયમાં અસંતોષ કરવાથી પતન થાય છે અને પારમાર્થિક વિષયમાં અસંતોષ કરવાથી ઉત્થાન થાય છે.

x x x

જેટલા પણ વિકાર છે, તે બધા નાશવાન્ વસ્તુઓને મહત્ત્વ આપવાથી જ પેદા થાય છે,

x x x

હરપળે એ સાવધાની રહેવી જોઈએ કે મારા થકી કોઈને કાંઈ કષ્ટ તો નથી થઈ રહ્યું ને, કોઈને કાંઈ હાનિ તો નથી થઈ રહીને ?

x x x

આ નિયમ લઈ લેવો કે કોઈ આપણા મનની વાત પૂરી ન કરે તો આપણે નારાજ નહીં થઈએ.

x x x

સંસારના માલિક પરમાત્મા છે અને શરીરનો માલિક હું છું– આવું માનવું ભૂલ છે. જે સંસારનો માલિક છે તે જ શરીરનો પણ માલિક છે.

x x x

જેવી રીતે બાળક દરેક અવસ્થામાં માને જ પોકારે છે, તેવી જ રીતે દરેક અવસ્થામાં ભગવાનને પોકારો.

x x x

ન્યાયપૂર્વક કામ કરવાવાળાના ચિત્તમાં શાંતિ અને અન્યાયપૂર્વક કામ કરવાવાળાના ચિત્તમાં અશાંતિ રહે છે.

x x x

જેનાથી પોતાનું અને બીજાઓનું વર્તમાનમાં અને પરિણામમાં અહિત થાય છે, તે બધું અસત્-કર્મ છે.

x x x

સંસારમાં જે વસ્તુ તમારા હક (અધિકાર)ની અને પ્રાપ્ત છે, તે પણ સદા તમારી સાથે રહેશે નહીં, તો પછી જે વસ્તુ હક વિનાની અને અપ્રાપ્ત છે, તેની અપેક્ષા રાખવાથી શું લાભ ?

x x x

જો જાણવું જ છે તો અવિનાશીને જાણો, વિનાશીને જાણીને શું લાભ ?

x x x

પરમાત્માની સન્મુખ થવાનો ઉપાય છે– સંસારથી સર્વથા વિમુખ થવું.

x x x

વિચાર કરો કે જેમાં આપણું હિત છે અને જેને આપણે કરી શકીએ છીએ, શું તેને આપણે કરીએ છીએ ?

x x x

જવાવાળાને જવાવાળું સમજવું અને રહેવાવાળાને રહેવાવાળું સમજવું– આ યથાર્થ સમજ છે.

x x x

જેને પછીથી સીધું ન કરી શકીએ, તેવું ઊલટું કામ કદી કરવું નહીં જોઈએ.

x x x

પ્રત્યેક પરિસ્થિતિ ભગવાનની લીલા (ખેલ) છે, તેને જોઈ-જોઈને મસ્ત થતા રહો !

x x x

આપણે જેટલો જડતાનો આદર કરીએ છીએ, તેટલો જ આપણા દ્વારા પરમાત્માનો નિરાદર થાય છે.

x x x

દ્વૈત અને અદ્વૈત ફક્ત માન્યતા છે. તત્ત્વમાં નથી દ્વૈત કે, નથી અદ્વૈત.

x x x

અનુકૂળતા-પ્રતિકૂળતાને જુઓ નહીં, જેણે તેને મોકલ્યાં છે, તે પ્રભુને જુઓ અને પોતાના માનીને પ્રસન્ન રહો.

x x x

જ્યાં સુધી અનુકૂળતા-પ્રતિકૂળતાની અસર પડે છે, ત્યાં સુધી કર્મયોગ, જ્ઞાનયોગ, ભક્તિયોગ વગેરે કોઈ પણ યોગ સિદ્ધ થતો નથી.

x x x

જો આપણા પર અનુકૂળતા-પ્રતિકૂળતાની અસર પડે તો સમજવું જોઈએ કે સંસાર જીતી ગયો, આપણે હારી ગયા.

x x x

જો આપણે કોઈ અપરાધ નથી કર્યો, આપણું કૃત્ય યોગ્ય છે તો પછી ભય નહીં હોવો જોઈએ. જો ભય થતો હોય તો કાંઈ ને કાંઈ આપણી ભૂલ છે અથવા આપણી નિર્દોષતા પર દૃઢ વિશ્વાસ નથી.

x x x

દરેક કાર્યનાં આરંભમાં આ વિચાર કરવો જોઈએ કે આ કાર્ય શા માટે કરી રહ્યાં છીએ ?

x x x

યોગ્ય-અયોગ્ય આપણી દૃષ્ટિમાં હોય છે. ભગવાનની દૃષ્ટિમાં બધું યોગ્ય જ હોય છે, અયોગ્ય હોતું જ નથી.

x x x

બીજાઓ આપણા ગુણ જુએ છે તો તે તેમની સજ્જનતા અને ઉદારતા છે, પણ તે ગુણોને પોતાના માની લેવા તેમની સજ્જનતા અને ઉદારતાનો દુરુપયોગ છે.

x x x

વિદ્યા પ્રાપ્ત કરવાનો બધાથી ઉત્તમ ઉપાય છે– ગુરુની આજ્ઞાનું પાલન કરવું, તેમને પ્રસન્ન કરવા.

x x x

ભગવાનને પોકારવાથી જે કામ થાય છે, તે વિવેક-વિચારથી થતું નથી.

x x x

ભગવાનને ન મળવાનું દુઃખ હજારો સાંસારિક સુખો કરતાં વધારે છે.

x x x

જેવી રીતે વૈદ જે દવા આપે, તેમાં આપણું હિત છે, તેવી રીતે જ ભગવાન જે વિધાન કરે, તેમાં આપણું પરમ હિત હોય છે.

x x x

જ્યાં સુધી આપણા પર જડની અસર પડે છે, ત્યાં સુધી આપણી સ્થિતિ જડમાં જ સમજવી જોઈએ, ચિન્મય તત્ત્વમાં નહીં.

x x x

જેવી રીતે ગાયના શરીરમાં રહેનારૂં ઘી કામમાં આવતું નથી, તેવી જ રીતે શીખેલું જ્ઞાન કામમાં આવતું નથી.

x x x

'હું જ્ઞાની છું' અને 'હું અજ્ઞાની છું' આ બન્ને માન્યતાઓ અજ્ઞાનીઓની છે.

x x x

ઠગવામાં દોષ છે. ઠગાઈ જવામાં દોષ નથી.

x x x

ચરિત્રની સુંદરતા જ અસલી સુંદરતા છે.

x x x

યાદ કરો તો ભગવાનને યાદ કરો, કામ કરો તો સેવા કરો.

x x x

સાચી વાતનો સ્વીકાર કરવો એ મનુષ્યનો ધર્મ છે.

x x x

બધામાં ભગવદ્‌ભાવ કરવાથી તમામ વિકારોનો નાશ થઈ જાય છે.

x x x

એક-એક વ્યક્તિ પોતે જાતે સુધરી જાય તો સમાજ સુધરી જશે.

x x x

જો પોતાના સંતાનથી સુખ ચાહતા હો તો પોતાના માતા-પિતાને સુખ પહોંચાડો, તેમની સેવા કરો.

x x x

કોઈના અહિતની ભાવના કરવી પોતાના અહિતને નિમંત્રણ આપવા બરાબર છે.

x x x

સંતોષથી કામ, ક્રોધ અને લોભ–ત્રણેય નષ્ટ થઇ જાય છે.

x x x

યાદ રાખો, ભગવાનનું પ્રત્યેક વિધાન આપના પરમ હિતને માટે છે.

x x x

કોઈ વાતને લીધે પોતાનામાં કાંઈ પણ પોતાની વિશેષતા દેખાય એ જ વાસ્તવમાં પરાધીનતા છે.

x x x

અંતમાં એકલા જ જવું પડશે, માટે પહેલેથી જ એકલા થઈ જાવ અર્થાત્ વસ્તુ, વ્યક્તિ, અને ક્રિયાથી અસંગ થઈ જાવ, તેનો આશ્રય ન લો.

x x x

જે બને છે તે સારું જ બને છે, ખરાબ બનતું જ નથી. તેથી કરવામાં સાવધાન અને બનવામાં પ્રસન્ન રહેવું જોઇએ.

x x x

ગ્રહણ કરવા યોગ્ય સર્વોપરિ એક નિયમ છે–ભગવાનને યાદ રાખવા. અને ત્યાગ કરવા યોગ્ય સર્વોપરિ એક નિયમ છે–કામનાનો ત્યાગ કરવો.

x x x

'સંતોષ' સમાજ સુધારાનો મૂળ મંત્ર છે.

X X X

એકતામાં અનેકતા અને અનેકતામાં એકતા હિન્દુધર્મની ખાસિયત છે.

X X X

અસત્યનો આશ્રય લેનાર વ્યક્તિ આપણું નુકસાન કરી શકતો નથી.

X X X

સંસારમાં ભગવદ્‌ભક્તિ સમાન કિંમતી કોઈ ચીજ નથી.

X X X

પરિસ્થિતિને બદલવાની મહેનત નિષ્ફળ જાય છે અને તેના સદુપયોગથી મહેનત સફળ થાય છે.

X X X

મનુષ્ય જેટલી વધારે જરૂરિયાત પેદા કરે છે, તેટલો જ તે પરાધીન થઈ જાય છે.

X X X

મોટા આશ્ચર્યની વાત એ છે કે પરમાત્માની આપેલી ચીજ તો સારી લાગે છે, પણ પરમાત્મા સારા લાગતા નથી !

X X X

સર્વથા નિર્દોષ જીવન તો સૌનું થઈ શકે છે, પણ સર્વથા દોષી જીવન કદી કોઈનું થઈ શકતું જ નથી. કારણ કે ભગવાનનો અંશ હોવાથી જીવ સ્વયં નિર્દોષ છે અને દોષ આગંતુક છે અને નાશવાન્‌ના સંગથી આવે છે.

X X X

લોકો આપણને સારા માને કે ન માને, સારા જાણે કે ન જાણે, સારા કહે કે ન કહે, પણ જો આપણા ભાવ સારા છે તો આપણા ચિત્તમાં કાયમ પ્રસન્નતા રહેશે અને મરણ પછી સદ્‌ગતિ થશે.

X X X

જો કોઈ ખરાબ ચિંતન આવી જાય તો સાવચેત થઈ જવું કે જો આ સમયે મૃત્યુ થઈ જશે તો શું ગતિ થશે ? જો હર હમેશાં પ્રભુનું સ્મરણ થતું રહેતું હોય તો ગમે ત્યારે મૃત્યુ આવી જાય, તેની કોઈ ચિંતા નથી.

x x x

વ્યક્તિગત જીવન બગડવાથી આખો સમાજ બગડી જાય છે અને વ્યક્તિગત જીવન સુધરવાથી આખો સમાજ સુધરી જાય છે. કારણ કે વ્યક્તિઓથી જ સમાજ બને છે.

x x x

ભગવાનના વિયોગથી થનાર દુઃખ (વિરહ) સાંસારિક સુખોથી ઘણો વધારે આનંદ આપનાર હોય છે.

x x x

ભગવાનનો વિશ્વાસ ભગવાનથી પણ મોટો હોય છે, કારણ કે જે ભગવાન સદા સર્વત્ર રહેતા હોવા છતાં પણ મળતા નથી. તે વિશ્વાસથી મળી જાય છે.

x x x

જેને ભગવાન, શાસ્ત્ર, ગુરુજન અને જગતથી ભય લાગે છે, તે વાસ્તવમાં નિર્ભય થઈ જાય છે.

x x x

આપણાથી અલગ તે જ થશે, જે સદાથી જ અલગ છે અને મળશે તે જ, જે સદાથી મળેલું જ છે.

x x x

બીજાઓની પ્રસન્નતાથી મળેલી વસ્તુ દૂધ સમાન છે, માંગીને લીધેલી વસ્તુ પાણી સમાન છે અને બીજાઓનું દિલ દુભાવીને લીધેલી વસ્તુ લોહી સમાન છે.

x x x

ભૂલની ચિંતા, પ્રશ્ચાતાપ નહીં કરીને આગળને માટે સાવધાન થઈ જાઓ. જેથી ફરીથી તેવી ભૂલ ન થાય.

x x x

નાશ પામનારી ચીજ એક ક્ષણ પણ ટકતી હોતી નથી.

x x x

પોતાનામાં વિશેષતા કેવળ વ્યક્તિત્ત્વના અભિમાનથી દેખાય છે.

x x x

મનુષ્યનું ઉત્થાન અને પતન ભાવથી થાય છે, વસ્તુ, પરિસ્થિતિ વગેરેથી નહીં.

x x x

આવવાવાળા જવાવાળા હોય છે– આ નિયમ છે.

x x x

વસ્તુઓ વિના પણ આપણે રહી શકીએ છીએ. જેના વિના આપણે રહી શકીએ છીએ; તેના આપણે ગુલામ કેમ બનીએ ?

x x x

શરીર નજીક દેખાય છે અને પરમાત્મા દૂર દેખાય છે– આ જ અજ્ઞાન છે. કારણ કે શરીર નિત્ય અપ્રાપ્ત છે અને પરમાત્મા નિત્ય પ્રાપ્ત છે. શરીરની સાથે આપણો એક ક્ષણ પણ સંયોગ થતો નથી અને પરમાત્માની સાથે આપણો એક ક્ષણ પણ વિયોગ થતો નથી.

x x x

શરીરને સંસારથી અને સ્વયંને પરમાત્માથી અલગ માનવું ભૂલભર્યું છે.

x x x

સાચા ધર્માત્મા મનુષ્યને કોઈની પણ ગરજ હોતી નથી, પણ દુનિયાને જ તેની ગરજ (અવશ્યકતા) રહે છે.

x x x

જો મનુષ્ય પોતાના વિવેકનો અનાદર કરે તો તેનો વિવેક લુપ્ત થઈ જાય છે અને જો તે પોતાના વિવેકનો આદર કરે તો તેનો વિવેક એટલો વધી જાય છે કે શાસ્ત્ર તથા ગુરુના વિના પણ તે તેને પરમાત્મા સુધી પહોંચાડી દે છે.

x x x

જ્યારે આપણે બધાની વાત માનતા નથી, તો પછી બીજા કોઈ આપણી વાત ન માને તો આપણે નારાજ ન થવું જોઈએ.

x x x

ભીતરમાં લોભ ન હોય તો આવશ્યક વસ્તુ આપોઆપ પ્રાપ્ત થાય છે, કારણ કે વસ્તુનો લોભ જ વસ્તુની પ્રાપ્તિમાં બાધક છે.

x x x


કોઈ પણ વ્યક્તિનો નિરાદર નહીં કરવો જોઈએ. નિરાદર કરવાથી વાસ્તવમાં પોતાનો જ નિરાદર થાય છે, કારણ કે સર્વ જગત ઈશ્વરરૂપ છે.

x x x

ભારતવર્ષમાં જન્મ લઈને પણ મનુષ્ય ભગવાનમાં ન લાગે– આ મોટા આશ્ચર્ય અને દુઃખની વાત છે ! કારણ કે ભારતવર્ષમાં જન્મ મુક્ત થવા માટે જ થાય છે, તે માટે દેવતા પણ ભારતવર્ષમાં જન્મ ચાહે છે.

x x x

મનુષ્ય પોતે તો ભોગી બને છે, પણ બીજાઓને ત્યાગી જોવા ચાહે છે– આ અન્યાય છે. જો તેને ત્યાગી સારા લાગે છે તો તે પોતે ત્યાગી કેમ નથી થતો ?



જે ક્રોધમાં આવીને અથવા કોઈ વાતથી દુઃખી થઈને આત્મહત્યા કરી લે છે, તે દુર્ગતિમાં ચાલ્યો જાય છે અર્થાત ભૂત-પ્રેત-પિશાચ બની જાય છે. આત્મહત્યા કરનાર મહાપાપી હોય છે. કારણ કે આ મનુષ્ય-શરીર ભગવત્પ્રાપ્તિને માટે જ મળેલું છે, તેથી ભગવત્પ્રાપ્તિ નહીં કરીને પોતાને જ હાથે મનુષ્ય–શરીર ગુમાવી દેવું એ બહુ ભારે પાપ છે, અપરાધ છે, દુરાચાર છે. દુરાચારીની સદ્ગતિ કેવી રીતે થશે ? તેથી મનુષ્યએ કદી પણ આત્મહત્યા કરવાનો વિચાર મનમાં ન આવવા દેવો જોઈએ.

—'દુર્ગતિ સે બચો' નામના પુસ્તકમાંથી

બદલો લેવાની ભાવના એ આપણી ભૂલ છે. તે તો આપણા કર્મોનું ફળ ભોગવાવીને આપણને પવિત્ર કરી રહ્યો છે. તેથી જો બદલો ચુકવવો હોય તો સૌથી પહેલાં તેની સેવા કરો. જે દુઃખ દેવાનો પ્રયત્ન કરે છે, તે (પાપોનું ફળ ભોગવીને) તમને શુદ્ધ કરી રહ્યો છે, તમારા પર ઉપકાર કરી રહ્યો છે. તેનો બદલો લેવો હોય તો પોતાના તનથી, મનથી, વચનથી, ધનથી, વિદ્યાથી, યોગ્યતાથી, પદથી, અધિકારથી તેની સેવા કરો, તેને સુખી બનાવો.

—'નિત્યયોગ કી પ્રાપ્તિ' નામના પુસ્તકમાંથી

ગૃહસ્થે ધન કમાવા કરતાં બાળકોનાં ચરિત્રનો ખ્યાલ રાખવો, કારણ કે કમાયેલા ધનને બાળકો જ કામમાં લેશે. જો બાળકો બગડી જશે તો ધન તેમને વધારે બગાડશે. આ બાબતમાં સજ્જન પુરુષોનું કહેવું છે– **'પૂત સપૂત તો ક્યો ધન સંચૈ ? પૂત કપૂત તો ક્યો ધન સંચૈ ?'** અર્થાત પુત્ર સુપુત્ર હશે તો તેને ધનની ખોટ કદી રહેશે નહીં અને કપૂત હશે તો સંચય કરેલું બધું ધન નષ્ટ કરી દેશે, પછી ધનનો સંચય શા માટે કરવો ?

—'ગૃહસ્થ મેં કૈસે રહે ?' નામના પુસ્તકમાંથી

જ્ઞાન કોઈ અભ્યાસથી ઉત્પન્ન થતું નથી, બલકે જે પ્રત્યક્ષ છે, તેને જ યોગ્ય રીતે સમજવાનું નામ 'જ્ઞાન' છે. 'વાસુદેવઃ સર્વમ્' (બધું પરમાત્મા જ છે)—આ જ્ઞાન વાસ્તવમાં છે જ એવું. આ કોઈ નવું બનાવેલું જ્ઞાન નથી. પ્રત્યક્ષ પોતાનાથી જ સિદ્ધ છે. એટલે કે ભગવાનની વાણીથી આપણને આ વાતની ખબર પડી કે સર્વ કાંઈ પરમાત્મા જ છે એ કેટલા આનંદની વાત છે ! આ ઊંચામાં ઊંચું જ્ઞાન છે. એનાથી મોટું જ્ઞાન કોઈ છે જ નહીં. કોઈ ભલે બધાં જ શાસ્ત્રો ભણી લે, વેદ પણ ભણી લે , પુરાણ પણ ભણી લે, પણ આખરે આ જ વાત રહેશે કે સર્વ કાંઈ પરમાત્મા જ છે, કારણ કે વાસ્તવમાં આ જ વાત છે !

દુનિયામાં ઘણું કરીને કોઈ પણ માણસ એવું નથી જણાવતો કે મારી પાસે આટલું ધન છે, આટલી સંપત્તિ છે, આટલી વિદ્યા છે, આટલું કળા-કૌશલ્ય છે. પરંતુ ભગવાને મોટામાં મોટા મહાત્માઓનાં હૃદયની ખાનગી વાત આપણને સીધા શબ્દોમાં બતાવી દીધી છે કે સર્વસ્વ પરમાત્મા જ છે. આથી વધારે એમની શી કૃપા સર્વ કાંઈ હશે !

—'વાસુદેવઃ સર્વમ્' નામના પુસ્તકમાંથી

[સાધકને જોઈએ કે તે એકાંતમાં બેસી શુદ્ધ મનથી **'સહજ સાધના'** નામના પુસ્તકમાં આવેલ **'વર્ણનાતીતકા વર્ણન'** નામના લેખને વાંચે. ફક્ત શબ્દ ઉપર દૃષ્ટિ ન રાખી અર્થ અને તત્ત્વ તરફ નજર રાખી વાંચે, વાંચી વિચાર કરે અને વિચાર કરીને બહાર અને અંદરથી શાંત થઈ જાય, તો તત્ત્વમાં સ્વયંસિદ્ધ સ્થિરતા જાગૃત થઈ જશે એટલે કે સહજાવસ્થાનો અનુભવ થઈ જશે અને મનુષ્યજીવન સફળ થઈ જશે.]

—'સહજ સાધના' નામના પુસ્તકમાંથી